અધ્યાત્મ

વર્ષ : ૨૧ જાન્યુઆરી–૨૦૦૦ અંક : ૪

* સિદ્ધિઓ *

અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એમ કુલ આઠ સિદ્ધિઓ યોગના પરંપરાગત ગ્રંથોમાં વર્ણવી છે. અણિમા એટલે શરીરને અણુ કરતાં નાનું બનાવવું. મહિમા એટલે શરીરને વિરાટ્ બનાવવું, લઘિમાનામની સિદ્ધિથી યોગી પોતાના શરીરને રૂ જેવું હલકું બનાવી શકે છે. જ્યારે ગરિમાનામની સિદ્ધિથી શરીર ખૂબ જ ભારે બને છે. પ્રાપ્તિનામની સિદ્ધિથી યોગી ઇચ્છા કરે તે પદાર્થ મળે છે. પ્રાકામ્યનામની સિદ્ધિથી સઘળી કામનાઓ પૂર્ણ થાય છે. ઈશિત્વનામની સિદ્ધિથી સૌના પર શાસન કરી શકાય છે. વશિત્વનામની સિદ્ધિથી યોગી ધારે તેને વશ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવી શકે છે. આ સિવાયની પણ સિદ્ધિઓ છે. આકાશ, વાયુ, અગ્નિ, પાણી તથા પૃથ્વી પર કાબૂ મેળવવો અને ભૂખ, તરસ, ટાઢ, તાપ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ, નિદ્રા વગેરે પર કાબૂ મેળવવાની સિદ્ધિઓ પણ છે. પોતાના અને બીજાના ભૂત અને ભવિષ્યનું જ્ઞાન થવું, દૂરના પદાર્થોને જોવા, દૂરના શબ્દોને સાંભળવા વગેરે સિદ્ધિઓ પણ હોય છે. યોગની સાધનામાં સિદ્ધિઓની આવશ્યકતા નથી હોતી. મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે, સાધકે સિદ્ધિઓ પ્રત્યે પણ વૈરાગ્યભાવથી જોવું જોઈએ. આવી સિદ્ધિઓનો ઉપયોગ બીજાની સુખશાંતિ માટે કરી શકાય છે. મારી દૃષ્ટિએ મોટામાં મોટી સિદ્ધિ આત્મસિદ્ધિ છે. કામ તથા ક્રોધ, સ્વાર્થ તથા મોહ, રાગ તથા દ્વેષને જીતવાની સિદ્ધિ સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ છે. તેનાથી સાધકનું પરમ કલ્યાણ થાય છે. તે સિદ્ધિની પ્રાપ્તિથી સર્વ પ્રકારે સાધક ઠરે છે.

યોગેશ્વરજી

RNI No. 26/267/99 R–II

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

અનુક્રમણિકા

શ્રી યોગેશ્વર કથામૃત	મા સર્વેશ્વરી	૩
કેલગેરીની મૌન સાધના–શિબિરનું મૂલ્યાંકન	રાજુ યાત્રી	૧૦
તમે મારું કરશો પાર જહાજ	યોગેશ્વર	૨૭
મને મારા ગુરુની યાદ ગમે	પરમાર્થી	૨૮
PRAYER	Lakshmidas Ghosh	૨૯
પ્રાર્થના	તંત્રી	૩૪
વૈરાગ્યશતક	યોગેશ્વરજી	૩૮
ગંગાના ઘાટમાં મા સર્વેશ્વરી સાથમાં	કલ્યાણ	૩૯
સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ	યોગેશ્વરજી	૫૩
પ્રેમમાં જ મુક્તિ	યોગેશ્વરજી	૫૭
પાવન પ્રવાસની પગદંડી	સંજય પંડ્યા	૫૮
રામકથા	યોગેશ્વરજી	૬૧

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ જાન્યુઆરી–૨૦૦૦ અંક : ૪

શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૩–૭–૮૧, ગુરુવાર, આષાઢ વદ છઠ, ૨૦૩૭,

સ્થળ : વડોદરા.

સવારે પૂ. શ્રીએ રેડિયો વાર્તાલાપ રાજકોટ રેડિયો સ્ટેશનેથી સાંભળ્યો. વિદેશની યાત્રાએ જવા માટે ઈંજેક્શન ને જરૂરી વસ્તુઓની વાતો પણ સવારે થઈ.

પૂ. શ્રીનો નિત્યક્રમ યથાવત્ રહ્યો. આજે ૧૧–૦૦ સુધી લેખનકાર્ય કરી સાંઈબાબાની સ્તુતિ બોલવામાં આવી. સમયસર દ્વાર ખુલી ગયાં. ભોજન લઈ લીધું. મુલાકાતમાં ખાસ વાતો ન થઈ. બપોરે થોડા આરામ પછી લેખન પૂ. શ્રી કરી લે છે.

આજે છ વાગ્યે શ્રી મૂળશંકરભાઈ જાનીને ત્યાં સત્સંગ રાખ્યો છે. પૂ. શ્રીના નિયમોથી એ ઘર અપવાદરૂપ ગણાયું. શ્રી

મૂળશંકરભાઇને ત્યાં પૂ. શ્રી ઉતરતા, એટલે એમનો અપવાદ હતો. છ વાગ્યા પછી શ્રી મૂળશંકરભાઈને ત્યાં જવા માટે પૂ. શ્રી ગાડીમાં નીકળે છે. ૧૫ મિનિટમાં ત્યાં પહોંચી જવાનું બને છે.

મૂળશંકરભાઇનો મુલાકાતનો ઓરડો આખોયે ભરાઈ જાય છે. ઓરડામાં નાનકડો લાંબો ઓટલો છે પૂ. શ્રી અને સર્વેશ્વરીની બેઠક ઓટલા ઉપર આસનો પાથરીને કરવામાં આવી છે. શરૂઆતમાં સૌ ફૂલહારથી સ્વાગત કરે છે. એક બેન ભજન સંભળાવે છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

બહાર ઓટલો પણ ભરાઈ ગયો છે. રસ્તા ઉપર એટલો બધો વાહનવ્યવહાર ચાલુ છે કે સત્સંગનો આનંદ બહાર બેઠેલા ભાઈબહેનો લઈ શકતાં નથી.

પ્રશ્ન : કોઈ ખૂબ ક્રોધ કરે ત્યારે આપણા વાણી–વર્તન સંયમમાં નથી રહેતાં, તો તેને સંયમિત કરવા શું કરવું?

પૂ. શ્રી : આપણે આપણા વાણી–વર્તનનું સામન્જસ્ય રાખવું. માનવ સહજ નિર્બળતા છે–એમ વિચારી આપણે તે નિર્બળતાનો ભોગ ન બનવું. સાચો ભક્ત લોકોને ઉદ્વેગ આપતો નથી ને લોકોથી ઉદ્વેગ પામતો નથી.

પ્રશ્ન : આપણે કોઈને ચક્ષુદાન કરીએ તો તે વ્યક્તિને દૃષ્ટિ મળે પણ તે કોઈ કુકર્મ કરે તો તે કુકર્મનું ફળ ચક્ષુદાન કરનારને મળે?

પૂ. શ્રી : તમે ભૂખ્યાને રોટલો આપ્યો. તેણે તે ખાધો તો સારી વાત છે. પણ તેમાં તમારે શું? તમે તમારું સત્કર્મ કરી લીધું છે ને! તમને તો રોટલો આપ્યાના સત્કર્મનું ફળ મળે જ ને. પેલો કુકર્મ કરે તો તો તેને જ તે ફળ મળે, તમને નહીં.

આમ, તમને તમારા સત્કર્મનું જ ફળ મળે. પેલાને કુકર્મનું ફળ મળે.

પ્રશ્ન : ઈશ્વરદર્શન જપથી થાય કે પ્રાર્થનાથી થાય?

પૂ. શ્રી : ઈશ્વરદર્શન એકલા જપથી ન થાય. એકલી પ્રાર્થનાથી પણ ન થાય. એકલા તપથી પણ ન થાય. ઈશ્વરદર્શન માટે અનિવાર્ય વસ્તુ–પ્રેમ જાગવો તે છે. પ્રાર્થનાથી, જપથી, તપથી તે પ્રેમ જગાડવાનો છે. પ્રાર્થના સૂકી ના ચાલે. ભાવયુક્ત હોવી જોઈએ.

પ્રેમ એ પરમદ્વાર છે. બધા સાધનોથી પ્રેમ જગાડવો. જપ સાથે પ્રાર્થના પણ કરો. શરૂઆતમાં પ્રાર્થના કરો, વચ્ચે વચ્ચે જપ કરો, છેવટે વળી પ્રાર્થના કરો. ભાવ સ્થિર થાય તો પ્રાર્થના જ જપ થઈ જાય છે. પ્રાર્થનાદ્વારા માનસિક વાર્તાલાપ, આત્મનિવેદન કરો. સાધનોથી ભાવ પ્રબળ બને. પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચે તો ઈશ્વરદર્શન થાય.

પ્રશ્ન : આપ પ્રાર્થના ઉપર ભાર મૂકો છો. બીજા એક સંતને પૂછ્યું તો તે કહે પ્રાર્થના નહીં, જપ જ કરો. એટલે મેં જપ શરૂ કર્યાં છે.

પૂ. શ્રી : એક ભાઈને યાત્રાએ જવું હતું. એણે સંતની સલાહ માગી. સંતે કહ્યું : ઘરની જવાબદારી પૂરી થાય પછી પાંચેક વર્ષે જજો. જોશીની પાસે તે ભાઇ પહોંચ્યા. જોશી કહે, "યાત્રાનો યોગ છે, પણ સાથે મારકયોગ (મરવાનો) પણ છે." મિત્રને જઈને પૂછ્યું. મિત્ર કહે, "એમાં શું પૂછવાનું, યાત્રાએ નીકળી પડો." પત્નીને પૂછ્યું, પત્ની કહે, "મોંઘવારીમાં યાત્રા શા માટે કરવી છે? એટલા પૈસા મને જ આપજો ને! મારે

ઘરખર્ચમાં ચાલશે." પેલા ભાઇને થયું હવે તો મારે જ નિર્ણય કરવાનો રહે છે. આખરે પેલા ભાઇ યાત્રા કરી આવ્યા. મારું કહેવાનું એ જ છે–બધાને પૂછાપૂછ ન કરો. પછી આપણને પૂછવાનો નાદ ન લાગવો જોઇએ. આપણે આપણી પ્રકૃતિ ને રુચિ જાણી લેવી જોઇએ, ને નિર્ણય લઇ લેવો જોઇએ કે આપણને જપ ફાવે છે કે પ્રાર્થના.

બધા જ કાંઇ એક જન્મમાં ઈશ્વરદર્શન ન પામી શકે. પણ એક જન્મમાં ભૂમિકા તો બનાવી જ શકે.

પ્રશ્ન : હવે જીવન થોડું રહ્યું, તેથી શ્રેષ્ઠ કહ્યું તે સમજાતું નથી. ઝડપથી ઈશ્વરદર્શન થાય તે માટે શું કરવું?

પૂ. શ્રી : હવે વૈરાગ્ય–ભક્તિથી સાધનામાં લાગી જાઓ. રાજા દશરથે એક જ સફેદ વાળ જોયો–થયું, હવે ઘડપણ આવી ગયું. એમ કહી યુવરાજપદની વાતોની ચોપાઇ પૂ. શ્રીએ પોતાની કવિતામાં ગાવા માંડી. સૌ ખૂબ ખૂબ પ્રેમપૂર્વક ઝીલવા માંડયા.

બીજા થોડા પ્રશ્નો પૂછાયા. ભજનો ગવાયાં. પ્રસાદ વહેંચાયો. સૌ પ્રણામ કરી છૂટા પડયા. પૂ. શ્રી પણ ઘરે આવી ગયા. આજે મુંબઇ ફોનથી પૂ. શ્રીએ વાતો કરી. દૂધ લીધું. આરામ કર્યો.

તા. ૨૪–૭–૮૧, શુક્રવાર, આષાઢ વદ આઠમ, ૨૦૩૭,

સ્થળ : વડોદરા.

આજે થોડી શારીરિક અસ્વસ્થતા હતી જેથી નોંધ સંક્ષિપ્તમાં કરવાની ફરજ પડી.

બપોરની મુલાકાતમાં તીર્થયાત્રાની વાતો થઇ. વળી સાધનાથી શું મળે એની ચર્ચા કરતાં પૂ. શ્રીએ કહ્યું : સાધના કરીએ તો સાત્ત્વિકતા, શરીર સંયમ, ભોગો તરફ મન ન જાય. સંયમ સહજ

બને. વાસના ઉપરામ થાય. સતત પ્રભુપરાયણતા રહે. ભગવાનની કૃપા મેળવવાની જ કામના રહે, તો તે સાધનાથી સજ્જ છે એવા લક્ષણો માનવાં.

કેરીઓ લટકતી દેખાય છતાં આપણે માનીએ કે આંબાનો ગોટલો રોપાયો જ નથી તો તે યોગ્ય નથી. એ રીતે મા સર્વેશ્વરી-નાં સર્વ લક્ષણો સાધનાથી મળેલા પરિણામ જેવાં છે. સાધનાનાં ફળ એમના જીવનમાં બધાં જ દેખાય છે. અમે હિમાલયમાં તપ્યા તો મા સર્વેશ્વરીએ નોકરી કરતાં કરતાં તપ કર્યું છે.

શ્રી મૂળશંકરભાઇ : આપ જે કાંઇ પ્રશ્નોના ઉત્તરો આપો છો એની પાછળ અભ્યાસ કરતાં પણ પ્રભુકૃપા જ છે, એમ માનું છું. આપ સર્વશ્રેષ્ઠ રીતે સમગ્ર શાસ્ત્રોનાં વચનો સુયોગ્ય રીતે, સુયોગ્ય સમયે જ બતાવીને સમજાવો છો. તે સર્વશ્રેષ્ઠ રીત છે.

પૂ. શ્રી : હિમાલય જતાં પહેલાં ગ્રંથોનો અભ્યાસ કરેલો. ૧૯૫૨ પછી લેખન શરૂ કર્યું. તો હકીકતદોષ ન રહે એટલે શાસ્ત્રો-નો અભ્યાસ થોડો થયો. વળી સ્મરણશક્તિ પણ હતી, હિમાલયમાં તો લેખન–વાંચન બંધ. ફક્ત ધ્યાન ને પ્રાર્થનામાં જ વર્ષો વીત્યાં.

ઉપનિષદોમાં લખ્યું છે : **अर्थाः प्रकाशते महात्मनः**

જેની કૃપાથી શાસ્ત્રના અર્થ હૃદયમાં પ્રકાશીત થાય છે.

नमः परमऋषये जयः–એવા પરમ ઋષિ પ્રભુને પ્રણામ કરું છું, તેમનો જય હો.

જે પુરુષો વીતરાગ થયા હોય, શાંત મનવાળા હશે, જેમનાં પાપો તપથી ક્ષીણ થયાં હશે એમના હૃદયમાં આ શાસ્ત્રજ્ઞાન ઠરી જશે. પવિત્ર હૃદય થાય તો કૃપા થાય જ છે.

મુલાકાત પછી શ્રી રમેશભાઇ, જે સુરતથી આવ્યા છે, તેમની

સાથે થોડી વાતો થાય છે. સૌ વિદાય થાય છે.

આજે સર્વેશ્વરી થોડી ખરીદી માટે બજારમાં જાય છે. ત્યાંથી આવે છે ત્યારે પૂ. શ્રી પોતાની બેગમાંથી જે અહીં જ રાખવાની વસ્તુઓ છે તેને વ્યવસ્થિત કરતા બેઠા છે. સર્વેશ્વરી સાથે થોડી વાતો થઇ. થોડા આરામ બાદ પૂ. શ્રી લેખન કરે છે.

લેખન બાદ સમય થતાં દ્વાર ખુલે છે. મુલાકાતીઓ દરરોજની જેમ આવવા માંડે છે. એક ભાઇ પ્રથમ આવે છે જે પૂ. શ્રીને એક કવર આપે છે. કવરમાં રૂા. ૫૦૦ છે. તેઓ પૂ. શ્રીને વિનંતી કરે છે કે આ રકમ આપ સ્વીકારો ને યોગ્ય લાગે તેમાં ઉપયોગ કરજો.

પૂ. શ્રીએ કહ્યું, "રકમ સારા કાર્યમાં વપરાશે." ત્યાં વળી બીજા સૌ મુલાકાતીઓ આવે છે. પ્રણામ કરી સૌ પોતાની બેઠક લે છે. ગીતાપાઠ થાય છે. એક ભાઇ બે ભજનો પણ ગાય છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થઇ. જેમાં નીચેના પ્રશ્નો પૂછાયા. તેની નોંધ અગાઉ આવી ગઇ હોવાથી નોંધ ન કરી.

૧. મંદિરમાં પ્રદક્ષિણા ફરવાનું કારણ શું?

૨. મન, વાણી, કર્મથી શુદ્ધ ન હોય તેને ગુરુ માની શકાય?

પ્રશ્નોની ચર્ચા બાદ પૂ. શ્રીએ એક પ્રશ્નના અનુસંધાનમાં રામાયણનું કાવ્યગાન સંભળાવ્યું. રામાયણમાં કવિએ રામને શ્રેષ્ઠ બતાવવા દેવોને નિમ્ન કક્ષામાં મૂકવાની ભૂલ કરી, તે પણ બતાવી.

વિદ્યાની દેવી સરસ્વતી દેવોનું કહ્યું માની રાજ્યાભિષેકના શુભ કાર્યને બગાડવા જાય છે, તે કેટલું યોગ્ય છે? તેની ચર્ચા કરતાં કરતાં રામાયણનું કાવ્યગાન કરી બતાવ્યું.

સમય થતાં શ્રી કુંદનબેને ધૂન બોલાવી.

હે જ્ઞાનેશ્વર, હે ધ્યાનેશ્વર,
હે યોગેશ્વર, સંયોગેશ્વર.
પ્રણામ શતશત હો તમને...(૨)
અને યોગેશ્વરાય નમઃ યોગેશ્વરાય,
યોગેશ્વરાય નમઃ યોગેશ્વરાય.

જય જય સર્વેશ્વરી મા, જય જય સર્વેશ્વરી,
જય જય સર્વેશ્વરી મા, જય જય સર્વેશ્વરી.
હે સર્વેશ્વરી, હે કરુણેશ્વરી,
હે મા કાલી, તું જગદંબા.
સચરાચરમહીં તું જ બિરાજે,
(મા) ચરણે તારા સદા પ્રણામ...મા ચરણે.

ધૂન બાદ કાર્યક્રમ પૂર્ણ થતાં, સૌએ વિદાય લીધી. પૂ. શ્રીએ સ્નાન બાદ ખીચડી–શાકનું ભોજન લીધું. ભોજન બાદ શ્રી જીતુભાઇ સાથે થોડી વાતો કરી, પછી આરામ. હરિઃ ૐ. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

કેલગેરીની મૌન સાધના-શિબિરનું

મૂલ્યાંકન

રાજુ યાત્રી

મૌન સાધના શિબિર નાના મોટા સૌને મન એક અનેરો મહોત્સવ બની ગયો. આ મહોત્સવના મુખ્ય યજમાન પૂ. શ્રી 'મા'-પ્રભુ હોવાથી તેની શોભા અનેરી હતી. આ શિબિરના આમંત્રણ પત્ર પર કોઇ યજમાનનું નામ ન હોવાથી આ શિબિર-ના યજમાન પૂ. શ્રી 'મા'-પ્રભુ જ હતાં. તો પછી જેમ સીતા સ્વયંવર વખતે માતા સીતા જેમ પોતાની રિદ્ધિ-સિદ્ધિને વિનંતી કરી સૌના માટે જે આવાસો ઊભા કરવાનું અને આવાસોમાં વ્યવસ્થા કરવાની આજ્ઞા કરીને રાતોરાત એ ભવનોમાં સગવડો ઊભી કરી દેવામાં આવે છે, તેવી જ રીતે આ માતા સર્વેશ્વરીએ પોતાની સિદ્ધિ-સિદ્ધિઓને તો આદેશ આપ્યો જ, પણ પોતે પણ આ સ્થાનને આશ્રમસ્થળમાં ફેરવવામાં મચી પડયાં. તેનું પરિણામ તો સૌ શિબિરાર્થીઓએ જોયું.

આ શિબિરનો હેતુ મુખ્યત્વે સાધના પરાયણ જીવનનો જ હતો. 'મા' શ્રી સર્વેશ્વરીએ એ હેતુ સામે માનવ જીવન જીવવાના ઉત્કૃષ્ટ આદર્શો, નિયમોને જોડીને આ શિબિરને એક નવું જ રૂપ આપવાનો પ્રયત્ન કર્યો અને તેના પરિણામે આ શિબિરે એક નવી જ ભાત પાડી. તો વળી ભવિષ્યની શિબિરોને પણ આ શિબિર રાહ બતાવશે. તેથી ફાયદો છે જ. આમ જોવા જઇએ તો આદર્શો અને નિયમો કોઇ નવા ન હતા. પૂ. શ્રી 'મા'એ આપણે જે ભૂલી ગયા છીએ તે યાદ અપાવીને આપણને સારું, સ્વસ્થ, ભક્તિમય,

ઈશ્વર-પરાયણ જીવન જીવવાની તાલિમ આપી.

આ શિબિરના નિયમો જ એવા હતા કે તેના પરથી આ શિબિર કેવી હશે તેનો ખ્યાલ આવે છે. આ સઘળા નિયમો પૂ. શ્રી 'મા'એ જ પોતાના બાળકોને કલ્યાણ અર્થે જ ઘડેલા તેની અસર એવી ઊંડી ને વ્યાપક હતી કે સૌને જીવનમાં પહેલીવાર સાધનાત્મક જીવન જીવ્યાનો સંતોષકારક અનુભવ થયો. કેટલાક નિયમો જોવા જેવા છે.

૧. આ કાર્યક્રમમાં મોટે ભાગે સૌ મૌનવ્રત લેશે.

૨. ઓઝ્રેના શિબિરની એક પણ સગવડ અહીં મળવાની ન હતી.

૩. અહીં નાના કે મોટા ડોક્ટરોની સગવડ નથી.

૪. સૌને સવારે દૂધ, બપોરે ફળ-સૂકો મેવો, અને સાંજે ફક્ત ૧ ટંક ખીચડી શાકનું ભોજન મળશે. ચહા, કોફી, જ્યુસ કે નાસ્તા-ની કોઇ પણ પ્રકારની સગવડ મળશે નહીં. શરીરને સંપૂર્ણ આરોગ્ય ધરવા માટે ઉત્તમ અવસર છે.

૫ સાદો, હળવો આહાર, મૌનવ્રત, અગવડોમાં સગવડ માની ફરિયાદ વગરનું સાધનાત્મક જીવન જીવવાની તાલિમ છે. પૂ. શ્રી 'મા'ના મૌન સાન્નિધ્યમાં જેને સાધના કરવાની ઇચ્છા હોય તે જરૂર પધારે.

૬. આ કાર્યક્રમમાં સાધના કરવા આવો તો તા. ૩ થી ૨૬ સુધી તમે વિવિધ નિયમો લઇ સાધના કરી શકો.

પ્રથમ નિયમ અને અઘરો નિયમ તે મૌન પાળવાનું. સામાન્ય રીતે મોટાભાગના લોકોને મૌન ખૂબ સહેલું લાગે છે. પણ જ્યારે અહીં પાળવાનું આવ્યું ત્યારે ખબર પડી કે આપણે કેટલા વખત

સુધી મૌન રાખી શકીએ? પૂ. 'મા'એ સૌને મૌનની જે તાલિમ આ શિબિરમાં આપી, તે સૌથી શ્રેષ્ઠ તાલિમ છે. દુનિયાભરની કોઈ શાળામાં કે યુનિવર્સીટીમાં આવી તાલિમ મળી શકે નહીં. પૂ. શ્રી 'મા'એ તો વળી ચોકીદાર પણ રાખેલા અને તે ચોકીદાર એટલે પોતે જ પોતાની જાતની ચોકી કરવાની! મૌન રાખો, શાંતિ રાખોનાં બોર્ડ ઠેર ઠેર નજરે પડે એટલે એ બોર્ડ પણ વારે વારે આપણને રોકે એવું વ્યવસ્થિત તંત્ર પૂ. 'મા'એ ગોઠવેલું. શિબિર-માં આવેલા દરેકને પહેલે જ દિવસે મૌન પાળવાની સૂચના આપી દેવાઇ પછી તેણે પોતાની જાતે જ પોતાની જાતને વફાદાર રહેવાનું! આ કીમિયો એટલો બધો કામિયાબ નીવડયો કે મોટા-ભાગે લગભગ કાયમ જ આ સ્થાનમાં અનુપમ શાંતિ જ પથરા-યેલી લાગતી. દરેક જણે મૌન રહેવાની જવાબદારી લઇ લીધી. એનો અર્થ એવો પણ ન હતો કે જરૂર પડે બોલવું જ નહીં કે એકબીજા ઇશારાથી જ કે લખીને વાતો કરે. 'મા' એટલા બધા જડ નિયમોમાં માનતાં નથી. આટલા બધા શિબિરાર્થીઓની વ્યવસ્થા, અલ્પાહાર, ભોજન, વગેરે માટે સંજોગોવશાત્ કેટલાને વાતચીત કરવી પણ પડે, તો તેવા માટે ધીમેથી પૂ. 'મા'ના શબ્દોમાં જેમ 'મચ્છર ગણગણે' તેવી રીતે વાત કરી શકાય. અને એ રીતે પૂ. શ્રી 'મા'ની વ્યાવહારિક દૃષ્ટિનાં પણ દર્શન થાય છે.

એક દિવસ સૌ બપોરના અલ્પાહાર લેતા હતા. કદાચ દરેકને શરૂઆતના મૌને અકળાવી દીધા હોય કે પછી નિયમ ભૂલી ગયા હોય, તેમ સૌ જરા મોટેથી એકબીજા સાથે વાત કરવા લાગ્યા. અચાનક પૂ. શ્રી 'મા'એ ભોજનાલયનું દ્વાર ખોલીને સૌને લેખિત ઠપકો આપ્યો. આ નીરવ વાતાવરણમાં થોડો અવાજ પણ મોટો લાગે છે. આમ પૂ. 'મા'ને અમારા ગેરવર્તનથી જાણે તરત જ

જાણ દૂર રહ્યે રહ્યે પણ થઇ હોય તેમ હાજર થઇને તરત જ અમારા એ નિયમભંગ પર લગામ મૂકી દીધી. સદ્ગુરુની શિષ્યને સાચા રસ્તે દોરવાની આજ રીત છે. તરત જ સૌને આ ભૂલનો અફસોસ થયો. ત્યાર પછી એવો અવાજ સાંભળવા નથી મળ્યો! આપણે આપણી જાતની ચોકી કરવાની ચૂક્યા કે તરત જ સદ્ગુરુ આપણી મદદે દોડી આવે છે. તેઓ આપણને થપ્પડ મારીને પણ સાચું જ્ઞાન કરાવે છે. કેવું અહેતુક, નિઃસ્વાર્થી રક્ષણ એ પરમ દેવ કરી રહ્યા છે!

બીજો એક અગત્યનો નિયમ એ ભોજનનો હતો. માત્ર એક જ ટંક ખીચડી–શાક–કઢી કે છાશ મળવાની હતી. બપોરે દૂધ–ફળ અને પાછળથી સલાડ ઉમેરાયું હતું, અને સૂકામેવાની નાની કોથળી અપાતી. આમ જોવા જઇએ તો જે ઉપવાસ કરતા હોય તેમને માટે આ કોઇ અઘરો નિયમ ન હતો. પણ ૨૫–૨૫ દિવસ સુધી એકનું એક જ ભોજન ખીચડી–શાક અને દૂધ–ફળ લેવાનાં તે વાત થોડી અઘરી લાગે. પણ પૂ. શ્રી 'મા'ની પોતાના ભક્તોને ખરેખર સાધના કરાવવાની જે ભાવના હતી તે આ ભોજન-વ્યવસ્થા પૂર્ણ કરતું હતું. પહેલી વાત તો પૂ. શ્રી 'મા'ને ના ગમે એ કે સાધના કરવા આવેલી બહેનોએ આખો દિવસ રસોઇ કરવામાં કાઢવો પડે. વિદેશની ધરતી ઉપર રસોઇ જાતે જ બના-વવી પડે છે. પૂ. 'મા'ને કોઇ કાળે તે મંજૂર ન હતું. બીજું કારણ એ કે ભારે ખોરાક બે ટંક લીધા પછી કોઇનામાં જપ–ધ્યાન, પાઠ–પારાયણ કરવાના હોશ રહે જ નહીં. સૌને પ્રમાદ થઇ જાય. તો વળી આ સ્થાનમાં કોઇ ડોક્ટરની વ્યવસ્થા નથી. તેથી જો કોઇને ભારે ખોરાકથી તબીયત બગડે તો તેનો ઇલાજ કરવા માટે પાછી દોડાદોડી કરવાની. આ બધાની વચ્ચે જે સાધનાનો હેતુ છે તે ના સચવાય. આવી દૂરંદેશી પૂ. 'મા'ની હતી. એથી એમણે જ ભોજનનો આ નિયમ બનાવ્યો હતો.

આગળ જોયું તેમ પૂ. શ્રી 'મા' નિયમોની જડતામાં નથી માનતાં, તેમ પૂ. શ્રી 'મા'ને જ્યારે જાણ થઇ કે કેટલાક શિબિરાર્થીઓને ડાયાબીટીસ હોવાથી દૂધ અને ફળ માફક નથી આવતાં તેથી બપોરના અલ્પાહારમાં તરત જ સલાડ આપવાનું કહ્યું. એક દિવસ તે પ્રયોગ કર્યા પછી સૌને પૂછ્યું કે બધાને ફાવે છે? પૂ. શ્રી 'મા' ક્યારેય કશું લાદવામાં માનતાં નથી. તેઓશ્રી માને છે કે મન વગર કરેલું કોઇ પણ કાર્ય સારું થતું નથી. અને તેથી જ તેઓ શ્રી જ્યારે કોઇ પણ કાર્ય કરે તેમાં પોતાનો પ્રાણ રેડી દે છે. તેમ જ દરેકને પૂછ્યા પછી રોજ જ સલાડ બપોરે અલ્પાહારમાં આપવાની સૂચના કરે છે. આમ ભક્તોની સતત કાળજી પૂ. 'મા' વગર કોણ રાખે? અને એમની સૂક્ષ્મ દૃષ્ટિ નાના અમસ્તા ફેરફાર અથવા તો અગવડને તરત જ નોંધી લે છે. આમ તો શિબિરમાં આવનારે અગવડોનો સામનો કરવાનો છે એવું આમંત્રણ પત્રમાં હતું, પણ પૂ. શ્રી 'મા'ની જ્યાં હાજરી હોય ત્યાં ક્યાંયે અગવડ પડે જ નહીં. પોતાનાં બાળકોને તાલિમ માટે તે નવનવા પ્રયોગ કરાવડાવે. ઓઝ્રેના શિબિર માત્ર દસ દિવસની હતી અને તેમાં નવરાત્રિ ઉત્સવ પણ હતો. તો વળી તે શિબિરના યજમાન શ્રી જગુભાઇનું નિવાસસ્થાન એટલે કે મોટલ પર જ હતી. તેથી સઘળી વ્યવસ્થા ઘર જેવી અને સરસ હતી. તો વળી શ્રી નયનાબેનની ઇચ્છા પણ સૌ સાધકોને સારું ભોજન પીરસવાની, એથી ઓઝ્રેનામાં શિબિરમાં સૌએ બાદશાહી સગવડ માણી. પણ એનો અર્થ એ નથી કે આ શિબિરમાં ખૂબ તકલીફ પડી. પૂ. શ્રી 'મા' જ્યાં હોય ત્યાં અમે જોયું છે કે ઓછામાં ઓછી તકલીફ હોય. મને તો આ સ્થળે કોઇ પણ જાતની તકલીફ દેખાઇ નથી. રહેવા માટે હીટર સાથેના રૂમ અને રસોડું. ત્યાં જરૂરી બધી જ સગવડ–લાઇટ–પાણી–બાથરૂમ–સંડાસ સઘળું જ હતું. મચ્છર હતા, પણ

તે તો બહાર નીકળીએ ત્યારે. તો પછી તકલીફ શું હતી? હા, જેને તકલીફને આમંત્રણ આપવું હોય તેને માટે થોડી તકલીફ હતી. અહીં ટી. વી. નથી, ન્યૂઝપેપર નથી, કોફી ચ્હા, બ્રેકફાસ્ટમાં ગાંઠીઆ–સેવ નથી. તો પીઝ્રા–કોક કશું જ નથી! પૂ. શ્રી 'મા'એ એક દિવસ ભોજનની સમજ આપતાં કહ્યું હતું કે, "એક ટંક ખીચડીનું ભોજન, અલ્પાહારમાં સલાડ અને દૂધ, લીંબુનું પાણી એ તમારા સ્વાસ્થ્ય માટે જ અમે રાખ્યું છે. જેથી તમારી તબિયત સારી રહે અને સાધના સારી થઇ શકે. તો વળી પાચન પણ સહેલાઇથી થઇ શકે. એટલે પેટના રોગો પણ ના થાય." સુંદર સમજ પૂ. શ્રી 'મા'એ સૌને આપી, તો અંતિમ બેઠકના અંતે પૂ. શ્રી 'મા' સૌને હરડેનો પ્રસાદ પણ આપતાં. જેથી કોઇએ ખીચડી વધારે ખાઇ લીધી હોય તોપણ વાંધો નહીં. પૂ. શ્રી 'મા'ની નાનામાં નાની વસ્તુનું સંયોજન એટલું વ્યવસ્થિત છે કે ક્યાંયે કોઇ કડી ખૂટતી નથી.

તો વળી આપણી પુરાણ પ્રસિદ્ધ ઉપવાસોની વૈજ્ઞાનિક દૃષ્ટિથી તો પૂ. 'મા' સંપન્ન છે. પોતે નિત્ય ઉપવાસી છે. તેથી ઉપવાસના ફાયદા જાણે છે. તેમણે તે ફાયદાઓ પોતાના બાળકોને પણ પ્રાપ્ત થાય એવી ગણત્રી સાથે અગિયારસની આગલી રાત્રે આવાહન કર્યું કે કોણે નિર્જળા કરવા છે? અને લગભગ બધા જ સાધકોએ પૂ. શ્રી 'મા'નું એ આવાહન ઝીલી લીધું. મોટાભાગના સાધકો જીવનમાં પ્રથમવાર નિર્જળા કરતા હતા. પણ સહુને પૂ. 'મા' પર વિશ્વાસ હતો. એમની શક્તિમાં, એમની દિવ્યતામાં વિશ્વાસ હતો, કારણ સહુ પૂ. શ્રી 'મા'ને ૧૫ વર્ષથી જોઇ જ રહ્યા છે ને પછી પણ જો ઉપવાસનું મહત્ત્વ ના સમજાય અથવા તો ઉપવાસ થઇ શકે એવો વિશ્વાસ ના બેસે, તો જ નવાઇ લાગે. આમ સહુએ નિર્જળાવ્રત કર્યું અને પૂ. શ્રી 'મા'એ સહુને પ્રોત્સાહિત કર્યા.

બીજે દિવસે સવારે સૌ ઉપવાસીઓને લીંબુ–પાણી આપીને પારણા કરાવડાવ્યાં! કોણ કરે આવું જતન? ઉપવાસ આપણે કરવાના, ફાયદો આપણને થાય, શરીર પણ આપણું સુધરે, પણ તેની ચિંતા પૂ. શ્રી 'મા' કરે! એટલે જ કદાચ તે 'મા' કહેવાતાં હશે. કેટલાક સાધકોએ માત્ર એક દિવસનો ઉપવાસ નહિ, પરંતુ બધા જ દિવસ દૂધ–ફળ પર રહેવાના નિયમ પણ લીધા હતા. તો ફરી પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મ દિને પણ સૌને પ્રેમથી પ્રેરાઈને નિર્જળાવ્રત કરવાની પ્રેરણા આપી અને લગભગ બધા જ સાધકોએ નિર્જળા-વ્રત કર્યું. કેવું અદ્‌ભુત પ્રેરણાનું પિયુષ પાયા જ કરે છે! એક સાથે કેટલા બધા પ્રેમ–ભક્તિનાં પુષ્પો પોતાની સાથે પૂ. શ્રી 'મા' પ્રભુના શ્રી ચરણે ચઢાવે છે! આમ કરવાથી શરીરની શુદ્ધિ અને મન–શુદ્ધિ થાય છે, તે સાધનામાં સહાયભૂત બને છે. અને મહત્ત્વનો ભાગ ભજવે છે, તે સાબિત કર્યું. કંઈ કેટલાયે દર્દીઓના દુઃખ અહીં ગાયબ થઈ ગયાં. કદી ન કરી શકે તેવા સાધકો રોજ સવારે ૧૦૦ થી ૨૦૦ પ્રણામ પણ કરવા લાગ્યા! આ કાંઈ જેવી તેવી સિદ્ધિ છે? નાયલોનના શરીર ધરાવનાર અહીં રહેતા માણસો વર્ષોથી સગવડોથી એવા ટેવાઈ ગયા છે કે તેમને કદાચ આ બધું અઘરું લાગે. પણ પૂ. શ્રી 'મા' જ્યાં હોય ત્યાં બધું જ સરળ થઈ જાય. પ્રભુપ્રેમને લીધે અને ખાસ તો પૂ. શ્રી 'મા' એક એવી શક્તિ છે કે જે દરેકના તન મનમાં પ્રવેશ કરીને થોડાં વર્ષોની નહીં, પણ જન્મોજન્મની જડતા દૂર કરી શકે છે! એને જે કરાવવું છે તે કરાવે છે. એટલે આ શક્તિ થકી જ સહુ આ શિબિરને માણી શક્યા.

કાર્યક્રમો પણ પૂ. શ્રી 'મા'એ સરસ ગોઠવેલા. એ કાર્યક્રમોમાં પોતે ઘડીયાળના કાંટે હાજર થઈ જતાં. સવારના પ્રણામની બેઠકમાં બરાબર સાતના ટકોરે પૂ. શ્રી 'મા' હાજર થઈ જતાં.

દરેક હોલમાં થતી બેઠકોમાં એ ૨૬ દિવસ નિયમિત સમયસર હાજર અને સમયસર બેઠક પૂરી પણ કરી લેતાં. તો કાર્યક્રમની ગોઠવણીમાં વ્યક્તિગત સાધના માટે પણ છ થી સાત કલાક ફાળવવામાં આવ્યા હતા, જેથી ગમે તેવો નિયમ લીધો હોય તોપણ તે દિવસ પૂરતો તે નિયમ પાળી શકાય અને પૂરો કરી શકાય. દરેકને પોતાની રીતે સાધના કરવાની છૂટ! અને તેમ છતાં પોતાની મૂંઝવણ હોય તો પૂ. શ્રી 'મા' તૈયાર જ. અરે! મૂંઝવણ ના હોય અને ખોટું કરતા હોઈએ તો તરત જ ટકોર પણ પૂ. શ્રી 'મા' કરે અને તે રીતે સાધનાની રીત સુધારવાની શીખ પણ મળે! આ બધું જ કેવળ બાળકને આગળ ધપાવવા માટે ઈશ્વર પરાયણ બનાવવા માટે! એમાં પૂ. માને બીજો કોઈ સ્વાર્થ ન મળે. પોતાના કેટલા બધા કલાકો સાધકો પાછળ ગાળતાં! પૂ. શ્રી 'મા' ક્યારેય કંટાળ્યાં નથી. થાક્યાં નથી કે ગુસ્સે થયાં નથી. હા, નિયમોનો ભંગ કરે તો તેઓ જરૂર નારાજ થતાં. પણ તે તો સાધકને નિયમિત બનાવવા માટે જ. એક માત્ર તેના કલ્યાણ કાજે જ! એવાં પ્રેમસ્વરૂપા આ 'મા' છે!

પ્રણામ પછી પ્રાર્થના અને પછી શરૂ થતો હતો વ્યાયામ. પૂ. શ્રી 'મા' સર્વેશ્વરીનો શારીરિક સ્વાસ્થ્ય માટેનો વર્ગ. સાડા સાતે શરૂ થતા આ વર્ગમાં પૂ. મા યોગાચાર્યની જેમ જુદાં જુદાં આસનો કરી બતાવતાં. તો વળી કેટલાંક સહેલાં આસનો કરવાનું પણ કહેતાં. તો મોટાભાગના સાધકો અઘરાં આસનો કરી શકતાં નહીં, તેથી પૂ. શ્રી 'મા' રમૂજ સાથે સૌ કેવી ભૂલો કરે છે, તે બનાવતાં. પછી હળવી કસરતો જે રોજના જીવનમાં કેટલી બધી ઉપયોગી છે, તે તો જેને ખબર છે તે જ તેનું મહત્ત્વ જાણે. પૂ. શ્રી 'મા'એ દરરોજ આ જાતજાતની કસરતો નિયમિત કરાવીને સૌને હળવા ફૂલ જેવાં બનાવી દેતાં. રોજ સવારે થતી આ હળવી

કસરતો શરીર અને મન બંનેને સ્ફૂર્તિથી ભરી દેતી. પૂ. શ્રી 'મા'ને અકસ્માતમાં પગની ઇજા થઇ હોવા છતાં એટલી કુશળતાથી અને ઝડપથી એ આસનો અને કસરત કરતાં કે અમોને સહુને આશ્ચર્ય થતું. કેવી અજબની આ શક્તિ છે. પૂ. માની! આ નાના અમસ્તા શરીરમાં પવન જેવો વેગ અને વિજળી જેવી તરલતા છે. આ શરીરમાં પળે પળે ભાગવતી સ્વરૂપનાં દર્શન થયાં જ કરે. એક એક ડગલું, એક એક કાર્ય સઘળું શક્તિ–ભક્તિથી ભારોભાર ભરેલું! અને ક્યાંય નકારાત્મક ભાવ કે વિચાર જોવા જ ના મળે. સઘળું જ આગળ લઇ જનારું એવું એમનું દરેકે દરેક કાર્ય! આ હળવી કસરતો અને યોગાસનો એ પૂ. શ્રી 'મા'ની નિયમિત પ્રવૃત્તિ છે. પ્રણામ હો 'મા' યોગેશ્વરીને!

આ જગ્યાએ એક લાભકારક વ્યવસ્થા કરી હતી–તે વિડીઓ અને ટી. વી.ની પૂ. શ્રી 'મા'એ આ શિબિરમાં એક કલાક પૂ. શ્રીનાં પ્રવચનો માટે પણ રાખ્યો હતો. જેમ દરેક શિબિરમાં હોય છે તેમ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં ભક્તિ યોગપરનાં પ્રવચનોએ આ શિબિરમાં એટલું બધું પ્રેરણાનું બળ પૂરું પાડયું કે સર્વ કોઇને ભક્તિ કરવામાં આનંદ આવતો. ઘણા સાધકોએ પૂ. શ્રી યોગે-શ્વરજીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં નથી. પૂ. શ્રી 'મા'એ એટલું વ્યવ-સ્થિત આયોજન કર્યું હતું કે પૂ. શ્રીની જેટલી પણ ઉપલબ્ધ વિડીયો કેસેટો છે તે અહીં મંગાવેલી. તેથી તેમનાં અદ્ભુત પ્રવચનોનો લાભ સૌએ મન મૂકીને માણ્યો. કેનેડા, સાઉથ આફ્રિકા, અમેરીકાની પૂ. શ્રીની વિડીઓ કેસેટ પ્રવચનોએ ભક્તિ-માર્ગનાં અદ્ભુત રહસ્યો સમજવામાં ઘણી મદદ કરી. હું એવી પ્રાર્થના કરું કે આ વિશાળ દૃષ્ટિકોણથી સમજાવેલી ભક્તિની પગદંડી પર હું પગલાં પાડી શકું.

શિબિરના કાર્યક્રમોનું આયોજન પૂ. શ્રી 'મા'નું હતું. એટલે દરેક કાર્યક્રમની પાછળ એમની શક્તિ કામ કરતી હતી. તો વળી જડ નિયમો અને યંત્રવત્ સાધનાની ચીલાચાલુ ઘરેડથી બીલકુલ અલગ એવા કાર્યક્રમો રસવંતા બનતા. સવારે ૫ થી ૭ અને ૯ થી ૧૧ તથા બપોરે ૩ થી ૫ એમ છ કલાક વ્યક્તિગત સાધનામાં સૌ સાધકો રત રહેતા. તેમાં સૌ કોઇ પોતાની ઇચ્છા પ્રમાણે અલગ અલગ જગ્યાએ જપ–પારાયણ–પ્રણામ–વાંચન વિગેરે પોતાના નિયમોને ન્યાય આપતા. પાઇનનાં ઊંચાં વૃક્ષોથી ઘેરાયેલી એ શાંત જગ્યા, એ આ શિબિરનું ઉત્તમ પાસુ હતું. તો વળી શિબિરના ખંડની બહાર વિશાળ લોન હતી, જ્યાં સાધકો ચાલતા ચાલતા પોતાના જપ કરી શકતા. બેસીને પાઠ–પારાયણ પણ કરી શકતા. ઉપરાંત વનરાજીની વચ્ચેના રસ્તે પણ શાંતિથી ચાલતા ચાલતા જપ થઇ શકતા. હરિદ્વારના નીલધારાના ગંગાજીને યાદ અપાવે એવી સુંદર સરિતાનો તટ પણ સાધકો માટે વ્યક્તિગત સાધનાનું સ્થળ બની ગયું હતું. પૂ. શ્રી 'મા'ને પણ તે સ્થળ ખૂબ જ પસંદ પડયું હતું. પૂ. શ્રી 'મા' સૌને લઇને ઘણીવાર બપોરે ૩ થી ૫ ના સમયમાં ત્યાં જતાં. પોતાની ખુરશી પર ધ્યાનસ્થ થઇ એ સરિતાના પ્રવાહ તરફ મુખ રાખીને બેસતાં, અમને શીખવતાં હતાં કે અહીં દુનિયાથી વિમુખ થઇને એક માત્ર ઈશ્વર સાથે જ અનુસંધાન સાધવાનું છે. તેનું જ ધ્યાન ધરવાનું છે. તો વળી વૈવિધ્ય–પ્રિય પૂ. 'મા' ક્યારેક નદીકિનારે ગરબાની રમઝટ પણ માણતાં. પૂ. શ્રી 'મા' માટે 'મૌન'ની પરિભાષા સીમિત નથી. એમને માટે 'મૌન' એટલે મનનું મૌન. તેમાં ઈશ્વર સ્મરણ માટે વૈખરી વાણીને વહાવવાની છૂટ છે. પ્રભુને પોકાર પાડવા માટે જો જીભ હલાવવી પડે તોપણ તે 'મૌન' જ છે. જો કે પૂ. શ્રી 'મા'નું 'મૌન' આ પ્રકારનું નથી. તેઓ તો ગમે તેવા સંજોગોમાં પણ વૈખરી વાણીનો ઉપયોગ કરતાં જ નથી. એઓશ્રીના મુખમાંથી

એક જ અવાજ સંભળાય છે, તે બાળકના જેવો ખડખડાટ હાસ્યનો. પણ અમારા જેવા જેને 'મૌન' આકરું લાગે તેને આવી રીતે સાધના કરવાની છૂટ આપી હતી. તે ઉપરાંત, ઘણીવાર વિવિધ સંતોએ લખેલા ગુરુભક્તિના જ્ઞાનેશ્વરી ગીતામાંથી કેટલાંક અવતરણો પણ વંચાવતાં. પૂ. શ્રી 'મા'નું એક જ લક્ષ્ય અને તે પ્રભુ પ્રત્યે સાધકના મનને વાળવાનું. શિબિરાર્થીઓ કેમ કરીને આ અદ્‌ભુત સ્થળ અને સમયનો લાભ મળ્યો છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરી લે. આવી ઉત્કૃષ્ટ ભાવના પૂ. શ્રી 'મા'ને જગતના બધા સંતોથી અલગ પાડે છે. સર્વોત્તમ વાત તો એ છે કે પોતાનાં આચરણ દ્વારા જ તેઓ ઉપદેશ આપે છે. તેથી તેમને બોલવાની જરૂર પણ રહેતી નથી. અહીં શ્રી કલ્યાણની કેટલીક ડાયરીઓ સાધકોના વાંચન માટે મૂકવામાં આવી હતી. તેમાં મુંબઈના પૂ. શ્રી 'મા'ના નિવાસ સમયની એક ડાયરીમાં શ્રી કલ્યાણ પૂ. 'મા'ને પ્રશ્ન કરે છે. "હે 'મા' તમે આટલો પ્રેમ કરો છો તેમ છતાં અમે પાછા સંસારમાં કેમ આસક્ત બની જઈએ છીએ?" પૂ. શ્રી 'મા'ને આ પ્રશ્ન અમે ફરી અહીં શિબિરમાં કર્યો. કારણ પૂ. શ્રી 'મા'એ એક પ્રસંગે પ્રસન્ન થઈને અમને શાબાશી આપી. અહા શું મધુરું એ દર્શન હતું! જાણે આ અખિલેશ્વરીએ અમારા ઉપર વ્હાલનો ધોધ વર્ષાવ્યો. તરત જ પૂ. શ્રી 'મા'એ હસતાં હસતાં લખ્યું કે, "આપણે પથ્થર છીએ માટે. આપણે આપણી અટક બદલાવીને 'પથ્થરીયા' કરી દેવાની જરૂર છે!" આ જવાબ પૂ. શ્રી 'મા' સસ્મિત લખતાં હતાં. પણ એ રમૂજ નહોતી, નક્કર વાસ્તવિકતા હતી. તો વળી એક પ્રસંગે તેઓએ મને પોતાના કેટલાક ભાવ શિબિરાર્થીઓને સંભળાવવા માટે મોટેથી વાંચવાનું કહ્યું અને કહ્યું કે, "બે વાર ફરી ફરી વાંચજે, જેથી જન્મોજન્મ યાદ રહે ને જડ વાતાવરણ વચ્ચે પણ એ શબ્દો ટકી શકે." પૂ.

શ્રી 'મા'એ એટલા માટે જ વખતોવખત આપણને આવી શિબિર અને સત્સંગમાં સામેલ કરવા પડે છે. જેથી આપણે 'શીલામાંથી અહલ્યા' બની શકીએ. પૂ. શ્રી 'મા' ભગ્ન માનવ મંદિરોમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાની કેટલી જહેમત ઊઠાવી રહ્યાં છે! કેટલાં નીચે ઉતરીને આપણને ઉપર લઈ ઊઠાવવાનો શ્રમ આદરી રહ્યાં છે. આ કરુણામૂર્તિ એના ચરણે પ્રાર્થના કરીએ કે એમની શક્તિ જ આપણને એ પ્રેમમૂર્તિના પ્રેમને પામવાની શક્તિ અને ભક્તિ આપે. આમ આ 'મૌન' સાધનાથી 'સાધનાત્મક જીવનનો સાચો અર્થ બતાવ્યો.

પૂ. શ્રી 'મા' સાથે રાત્રિ બેઠકની અવનવી વાતો

આ શિબિરમાં શિબિરાર્થીઓને બધા જ કાર્યક્રમોમાં અતિ પ્રિય બે કાર્યક્રમો હતા. આમ તો દરેક સાધકોને આ શિબિરનો દરેક કાર્યક્રમ રસવંતો જ લાગતો. તે બે કાર્યક્રમો ૧. પૂ. શ્રીની અમૃતવાણી અને ૨. રાત્રે ૯ થી ૯–૩૦ ની પ્રાર્થના સમયે થોડાક સમય માટે પૂ. શ્રી 'મા' સાધકો સાથે લખીને વાતો કરતાં તે પહેલો કાર્યક્રમ પ્રિય થઈ પડયો તેનું એક કારણ પૂ. શ્રીની જીવંત વિડીયો કેસેટમાંનું દર્શન અને મધુર વાણી. તે વાણી ગંગાજીના પ્રવાહ જેવી અસ્ખલીત, અને સ્વાનુભાવથી સંપન્ન એવી ભક્તિ-ની પગદંડી પર દોરી જતી વાણીવડે જાણે પૂ. શ્રી સૌને આંગળી પકડીને ચલાવી રહ્યા હોય એવો સાક્ષાત્ અનુભવ! બીજો રાતનો કાર્યક્રમ પણ લોકપ્રિય થયો કારણ કે પૂ. શ્રી 'મા' સૌ સાથે સીધી વાત કરતાં. પોતાને જે કહેવાનું છે તે સરળભાષામાં કહેતાં. સાધકોના પ્રશ્નો પોતે જ સાધકોને કરે અને પછી તેના ઉત્તર પણ પોતે જ આપે. આવું કોણ કરી શકે? માર્ગ કોણ બતાવે? જેણે માર્ગ જોયો હોય, જે એ માર્ગે ચાલ્યાં હોય, જેણે એ માર્ગે પોતાના પ્રશ્નો જાતે ઉકેલ્યા હોય, અથવા પોતાના ગુરુ પાસેથી તે

પ્રશ્નોના ઉત્તર મેળવવાની શક્તિ પ્રાપ્ત કરી હોય, તેવાં "દુર્ગમ ચઢાણ" જે ચડયું હોય તે જ બતાવી શકે. એ માર્ગ પર ચાલવા જેણે પોતાની જાત નીચોવી દીધી હોય તે અને તે પરમ 'મા' સિવાય બીજું કોણ હોઇ શકે આ જગમાં? આવો પારસમણિ જ્યારે સ્પર્શ કરતો હોય તે સમય કોને પ્રિય ન લાગે? પૂ. શ્રી 'મા' આવા વિવિધ પ્રશ્નો કરે:–

૧. કોને 'મૌન' આકરું લાગે છે?

૨. કોને અલ્પાહાર નથી ફાવતો?

૩. કોને ખીચડી રોજ નથી ફાવતી?

૪. કોને કંટાળો આવે છે?

૫ લીધેલા નિયમો પળાય છે?

૬. ઊંઘ કોને આવે છે?

૭. સૌ પોતે પોતાની ચોકી કરે છે?

આવા સાવ સામાન્ય લાગતા પ્રશ્નોની પાછળ કેટલું ઊંડું તત્ત્વજ્ઞાન છે, તે ત્યારે જ સમજાય જ્યારે સાધક પોતે ખરેખરી સાધનાના પંથ પર ડગલાં પાડે. ઘરે રહીને સાધના કરવી અને આ એકાંતમાં "મૌન" રહીને સાધના કરવી એ બે વચ્ચે આસમાન જમીનનો ફેર મને લાગ્યો. કારણ, આપણું સાંસારિક મન, અનેક જન્મોના સંસ્કારથી ભરેલું તો આપણી સાથે જ હોય છે. પણ પૂ. શ્રી 'મા'ની હાજરી અને આવી સમયસરનું રોજ રોજ ઘડતર કરતી સાધના. વળી એ પરમેશ્વરીના સંકલ્પ બળે જ આ શિબિરની સાધના સૌને માટે રસમય, પ્રાણવાન બનાવી. દરેક નાનામોટા સૌ સાધકોના મુખ પર ના જોયેલી શાંતિ પથરાયેલી દેખાતી. ક્યાંયે ચિંતાની, ઊંઘની, કંટાળાની, થાકની રેખા સરખી ના

દેખાય. કેટલું પ્રબળ એ સંકલ્પબળ હશે, તેનો ખ્યાલ આ શિબિરમાં આવે. આમ આ ભગવાન કૃષ્ણની જેમ સૌને આકર્ષી રાખવાની શક્તિ અને સાધનામાં અવનવી રીતે પ્રાણ પૂરવાનું કૌશલ્ય પૂ. શ્રી 'મા'માં રહેલી ભાગવતી શક્તિનાં દર્શન કરાવે છે. તો આવા પ્રશ્ન અને ઉત્તરના કાર્યક્રમમાંથી તેઓ સાધકોની સ્થિતિ જાણતાં અને રમૂજ સાથે જરૂરી ફેરફારો અને સૂચન પણ કરતાં. પહેલીવાર જ્યારે નિર્જળા ઉપવાસનો દિવસ પૂરો થવા આવ્યો ત્યારે પૂ. શ્રી 'મા'એ પૂછ્યું કે, "કેટલાને પાણી પીવાની ઇચ્છા થાય છે?" પણ કોઈએ આંગળી ઊંચી ના કરી. એટલે પૂ. શ્રી 'મા'એ હળવી રીતે કહ્યું કે, "હવે કિનારા સુધી તો આવી ગયા છો. કાલે સવારે ઉતરી પડજો." વળી પૂ. શ્રી 'મા'એ સૌ ઉપવાસીઓ માટે બીજે દિવસે સવારે પારણા માટે લીંબુ શરબતની વ્યવસ્થા કરવા માટે સૂચના આપી હતી. તેના અનુસંધાનમાં કહે છે કે, "રાત્રિ તો સવારે મળવાના લીંબુ શરબતની આશામાં નીકળી જશે!" આમ સૌના મનની વાત કહી પૂ. શ્રી 'મા' રમૂજ સાથે સૌને હસાવે છે. તો વળી સ્વાનુભવની વાત કરતાં કહે છે, "શરીરને મિત્ર બનાવવાનું છે. શરીરને પંપાળવાનું નથી. એની પાસેથી સમજાવીને કામ લેવાનું છે. એને મિત્ર બનાવીને સમજાવીએ, તો તે બધુ જ કરે અને અનુકૂળ પણ બને! કહેવાનું કે, "હે શરીર, ચાલો આજે નિર્જળા કરીએ." આમ એક નાના બાળકને સમજાવતાં હોય તેવા પ્રેમથી તેઓ શિબિરાર્થીઓને શીખવતાં. કેવી અનોખી રીત છે એ માવડીની!

સવારની હળવી કસરતોનું મહત્ત્વ સમજાવતાં પૂ. 'મા' કહે છે કે, "હમણાં લોસ એન્જલીસમાં દાક્તરી તપાસ કરાવવા ગયાં" (ખાસ નોંધ–પૂ. શ્રી 'મા'ને દાક્તરી તપાસની કોઇ જરૂર નથી, કે એવી કોઇ બિમારી પણ નથી. તો વળી તકલીફે શાની

હોય? પરંતુ આ વિજ્ઞાનમયી 'મા', આજના બુદ્ધિજીવીઓ અને કહેવાતા આધુનિક સમાજ અને વૈજ્ઞાનિકોને તેમનાં જ સાધનો અને જ્ઞાનનો ઉપયોગ કરીને તમાચો મારે છે. એક એવું સબળ પ્રમાણ આપે છે કે આધ્યાત્મિક અને દૈવીશક્તિથી વધારે ચડીયાતું કોઇ બળ કે વિજ્ઞાન નથી!). "ત્યાં જે ડોક્ટર હતા તેમને પૂ. શ્રી 'મા'ના શરીરમાંથી લોહી લેવાનું હતું. તેમણે પૂ. શ્રી 'મા'ને હાથ જોડીને કહ્યું કે, હે 'મા'! આપની નાડીને આજ્ઞા કરો જેથી લોહી મારી શીશીમાં હું લઇ શકું. આપ મારું કાર્ય સરળ બનાવો." અને ડોક્ટરે જેવી એ પ્રક્રિયાની શરૂઆત કરી કે તરત જ બોટલમાં સરરર કરતું એ દિવ્ય દેહનું સ્થૂળ લોહી ફૂવારાની પેઠે છૂટયું. સૌ કોઈ આ ઘટના ફાટી આંખે જોઇ રહ્યાં. "તપોબળે કસાયેલી આ કૃશકાયામાં માત્ર લોહી જ નહીં, બીજી કેટલીયે શક્તિઓ આવી રીતે ભરેલી પડેલી છે. તે તો એક પૂ. શ્રી યોગેશ્વરજી સિવાય બીજું કોણ જોઇ શક્યું છે?" આ પ્રસંગ કહી પૂ. શ્રી 'મા'એ જણાવ્યું કે આ વાત પાછળ અમારી રોજની નિયમિત હળવી કસરત, આસનો અને પ્રણામનું રહસ્ય છે. તો વળી હળવી કસરતમાં પૂ. શ્રી 'મા'એ "ઘર્ષણ સ્નાન"નું મહત્ત્વ પણ સમજાવ્યું. તેમાં શરીરના મુખ્ય અંગો મોઢાનો ભાગ, હાથ, પગ, પીઠ, છાતી વગેરેને ભાર દઇને બે હાથે ઘસવાનાં હોય છે. તેનાથી લોહી ભ્રમણ જરૂરિયાત પ્રમાણે થાય છે. આ દુનિયામાં પૂ. શ્રી 'મા' જેવા એક પણ ડોક્ટર મળશે નહીં તેનું પ્રમાણ પૂ. શ્રી 'મા' સૌને નજરે દેખાય એ રીતે આપે છે. તેઓ માત્ર ઈતિહાસની કે દિવ્યતાની વાતો જ કર્યા કરતાં નથી! પ્રમાણ પણ આપે છે. આવાં વિજ્ઞાનમયી 'મા'ને પ્રણામ!

પંદર ઓગસ્ટે પૂ. શ્રી 'મા'એ નિર્જળા ઉપવાસ સાથે નિયમ પ્રમાણે એક દિવસમાં એક લાખ જપ કરવાના હતા, તેથી એકાંત-

માં હતાં. બીજે દિવસે રાત્રિની બેઠકમાં સૌ ભક્તો સાથે પોતાના દિવ્ય અનુભવની વાત કરી સૌને ધન્ય કરી દીધાં. મોટા ભાગે પૂ. શ્રી 'મા' જાહેરમાં દિવ્ય અનુભૂતિઓની ચર્ચા કરતાં નથી. પણ આજે સૌ પર કૃપા કરી કહ્યું કે, "અમે જ્યારે જપ કરતાં હતાં ત્યારે અમારી ચારે બાજુ દિવ્ય પ્રકાશ ફરી વળ્યો. કલાકો સુધી એ જ અવસ્થા રહી! અમે ચાલતાં તો તે પ્રકાશ પણ અમને વિંટળાઈને ચાલતો રહ્યો" પછી ઉમેરતાં કહે છે, "પૂ. શ્રી કહેતા, વર્ષોની આકરી તપશ્ચર્યા પછી એકાદવાર મળતું આ પ્રકાશ દર્શન પૂ. શ્રી 'મા'ને તો છેક બાળપણથી જ થાય છે!" આમ એના પરથી પૂ. શ્રી 'મા'ની દિવ્યતા અને કક્ષાનો ખ્યાલ આવે છે. પૂ. શ્રી 'મા'એ શિબિરમાં જ એક દિવસ પોતાનો પરિચય આડકતરી રીતે અમને આપ્યો. બન્યું એમ કે અમે શિબિરના મુખ્ય હોલના સ્ટેજને શણગારતા હતા અને તેમાં પૂ. શ્રી અને પૂ. 'મા'નાં સ્વરૂપોની આસપાસ કલાત્મક રીતે સાડી ગોઠવતાં હતાં. શ્રી ભગવાનજીભાઇ તેનું અવલોકન કરતા હતા અને જે યોગ્ય ન લાગે તેનું સૂચન પણ કરતા હતા. પૂ. શ્રી 'મા' પણ સૂચન કરતાં. તો વળી સાથે સાથે કંઇક સરખું કરવાનું હોય તો તે પણ કરતાં, તો વળી ખીલી કે પીન લઇને આપણી બાજુમાં તૈયાર ઊભાં રહેતાં! ત્યાં એક સમયે એક સાડીનો છેડો પૂ. શ્રીને એવી રીતે ઢાંકી દેતો હતો કે જમણી બાજુના ખૂણામાં બેઠેલાને પૂ. શ્રી ના સ્વરૂપનાં દર્શન બરાબર થઇ શકે તેથી શ્રી ભગવાનજીભાઇએ કહ્યું કે "પૂ. શ્રી નાં દર્શન બરાબર થતાં નથી." એક પણ ક્ષણના વિચારવિના તરત જ પૂ. 'મા'એ લખ્યું કે, "પ્રભુનું દર્શન ના થતું હોય તો 'મા' અહીં બેઠી જ છે, ટુ–ઇન–વન!" તત્કાળ લખાયેલા એ શબ્દો એટલા બધા અસરકારક અને સ્વાભાવિક હતા કે

શંકાને સ્થાન જ રહેતું નથી! પ્રણામ હો એ અર્ધનારીશ્વર રૂપને! પ્રણામ હો 'મા' સર્વેશ્વરીને.

આ શિબિરમાં પૂ. શ્રી 'મા'ની રિદ્ધિ–સિદ્ધિ બનવાનું જેને ફાળે આવ્યું એમાં મુખ્ય અને સર્વ સમર્પિત જો સાચા ભક્તોની હરોળમાં બેસી શકે તેવાં પ્રભુપરાયણ દંપતી હોય તો તે શ્રી વાસુદેવભાઈ અને શબરીબાઈ શ્રી પદ્માબેન. જેમણે પૂ. શ્રી 'મા'ની ૧. એડમન્ટન યાત્રા ૨. અલાસ્કા યાત્રાઓમાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વળી અન્નપૂર્ણાની સેવાઓમાં સહાયક બનેલાં શ્રી હંસાબેન, રૂક્ષ્મણીબેન, ગુલાબબેન, સરસ્વતીબેન, લીલીબેન અને શિબિરમાં ભાગ લઈ રહેલાં બધા જ માતૃસ્વરૂપોએ પૂ. શ્રી 'મા' અન્નપૂર્ણાનાં સાચા સેવક બની રહ્યાં અને પૂ. શ્રી 'મા'ના અંતરના આશીર્વાદ પણ પામ્યાં. તો વળી અંગત સેવાના ભેખધારીઓ જેમણે પોતાની ઊંઘ, ભૂખ, થાક, કંટાળો બધું જ પૂ. શ્રી 'મા'ની સેવાનાં કાર્યોમાં સમર્પિત કરી દીધું છે તે શ્રી વિનોદભાઈ, શ્રી સરોજબેન, શ્રી ભગવાનજી, શ્રી કંચનબેન અને શ્રી વિમળાબેનની તો વાત જ ન્યારી હતી. બાકી જે રહ્યાં તે સર્વે થકી જ આ શિબિર શોભી ઊઠી. તે સાધકો, સઘળી અગવડતાનો આમંત્રણમાં ઉલ્લેખ કર્યો હોવા છતાં પૂ. શ્રી 'મા'ના આમંત્રણનો પ્રેમથી સ્વીકાર કરીને આ શિબિરમાં ભાગ લેવા આવી પહોંચ્યાં અને પૂ. શ્રી 'મા'ને ગૌરવ થાય તેવી રીતે સાધનામય જીવન જીવવાના પ્રયત્નો કર્યા, તે સહુને મારા હૃદયથી પ્રણામ.

આનંદમયીના અંકે સૌ આનંદ–આશ્રમમાં પરમસુખ પામ્યાં તે માટે તેના કાયમકાજ ઋણી રહીશું.

મને પારસમણિ મળ્યો,
મને પૂ. 'મા'નો ખોળો મળ્યો.

* તમે મારું કરશો પાર જહાજ *

તમે મારું કરશો પાર જહાજ.

થાયે ડગમગ, હાલે રગરગ,
આવે ઘોર અવાજ;
શ્રદ્ધા મારી તોય ન તૂટે,
કેમે કરતાં આજ. તમે૦

ગરજે ઘોર તરંગો ભારે,
વાજે વાયુ પખાજ;
ચારેકોર તિમિરદળ છાયાં,
વર્ષા કરતી કાજ. તમે૦

ઘડી ગમેતેવી છો આવે,
લેશ મને ના દાઝ;
સલામત તમારા હાથમહીં,
સદાય મારી લાજ. તમે૦

આંસુ નથી કે ક્લેશ ન મારે,
હે મારા શિરતાજ!
પાગલ કરો જરૂર કિનારે,
આજ ગરીબનિવાજ! તમે૦

— યોગેશ્વર

* મને મારા ગુરુની યાદ ગમે *

મને મારા ગુરુની યાદ ગમે.

યાદ કરું જ્યાં ચરણકમળને,
સઘળાં દુઃખ શમે.
જન્મ દેનારી નિજ જનની ને,
ભક્ત થઈને નીરખે
ઘટ ઘટ માંહે એક જ ધાગો
પરોવાયેલો પરખે
જગદંબાનો પ્યારો જગમાં (૨)
પાગલ થઈને રમે. મને૦

અંગ ઓઢેલી ધાબળી પીળી
ધવલ સોહે ધોતી
ભાલ વિશાલ ને દિવ્ય નજરો
યાદ કરું એ મૂર્તિ મનોહર (૨)
ચંચળ મન વિરમે. મને૦

સરવાણી નિર્જરતી પાવન
પાતી પ્રેમનો પ્યાલો
પંચભૂતના દેહ મંદિરિયે
ખેલે નંદનો લાલો
યાદ કરું — તો પ્રકાશના પૂર (૨)
રૂવે રૂવે સંક્રમે. મને૦

— પરમાર્થી

PRAYER

Lakshmidas Ghosh

01–ALMIGHTY! You are the supreme father, mother friend and physician to cure ailments of any nature's creation. You the provider of everything to your fellow children, please look in–to my need.

02–OH MOST BEAUTIFUL! You have given me this life, please always be with me in my heart to produce right thoughts and induce me for right action, accepting work is worship for you.

03–OH MY DEAREST! Implant in me, the best wisdom, knowledge, consistency, tolerance, persistency, perseverance and all sorts of positivity, so that I can act perfectly and can love your creation the best way, you expect from me.

04–OH MY BEST HERO! as you took the leadersship of chariot of Lord Arjuna, similarly, please sit in my heart and produce creativity, joy, serenity, harmony, tranquillity, bliss and

make my environment with fragrance of heaven.

05–OH MY LORD! come in front of me in every situation, when I speak and act. I do not want to commit mistake any more. please direct me in right path.

06–OH UNLIMITED! Keep me flexible and adaptable in every situation, so that I can swim with the tide not against it and can win over the situation giving thanks who has done even slight good to me.

07–OH BESTOWER OF PATIENCE! Please keep me fit to judge the experience of place, Time and personality and to act accordingly, never speak unpleasant truth.

08–OH MY BELOVED! Know, this life is just like a River. It has ups and downs never keep me depressed, despondent, banish all negative thoughts.

09–OH OMNIPOTENT! Please make me fit to forget past and forgive odd moments and ailments.

10–OH OMNISCIENT! You know my life is eternal it has beginning, but not end. you only

know, where it will be at rest. I only know I have come to work for you and want to reach you as early as possible, as you want. I Know, I have come in this world in empty hand and want to go back with spiritual wealth. Please make me capable to acquire kingdom of spiritual wealth.

11–OH DISPELLER OF DISTRESS! Remove all tension, anxieties, anger, idleness, lust, greed, misunderstanding and all other shortcomings, to make me fit on this testing ground.

12–OH ALMIGHTY! Make me capable to discharge all my responsibilities towards family, Organization, society, most competently and eficiently. Ultimate doer is you, I am your mere instrument. For any future, I should not blame any one and not want to regret for the past, they were my own faults, lessons to perform better in the future. You, the healer of all mishaps, compensate, if there is any real loss.

13–OH MY LORD OF MIND! Keep me in stillness, peace, speaking less, eating less,

performing more you want me to do so. Let me be transformed, simple, dedicated to you. a loyal slave of high integrity.

14–OH ALMIGHTY! I believe your perfect law, order, and principles as perfect motion of the Universe, I believe nobody can harm any one, so long he believes and acts, according to your Law and System. You the source of all power, strength, and inspiration. I am taking shelter in you.

15–OH MY LORD! Please provide us basic food, amonities, social status and prosperity in real sense.

16–OH MY SAVER! We are fully surrendered to you, we have full trust and confidence in you, forgive us for our mistakes, and bless us to receive your divine love and make your channel.

17–OH MERCIFUL! I want to see you every where, your beauties in every creation, please reveal me. I am constantly watching for this moment. Please put me In deep meditation, get you always with me. Rest of my life put me fuly engrossed in you fully

blissful to make my journey successful. 'Laaz Rakho Hari'.

18–OH LORD YOGESHWARA, MAA–SARVESWARI! Please accept my prayer and hundred thousand pranams. Let me feel you are sitting in my heart, and I am enjoying entire happiness of the Universe.

ઈશ્વરકૃપાની શક્તિ એવી અજબ છે એ કઇ જગ્યાએ ક્યારે કોને માટે કેવી રીતે કામ કરે છે એ એક કોયડો છે, બુધ્ધિ એને સમજી શકે છે ખરી, પણ એનો પાર પામી શકતી નથી.

યોગેશ્વરજી

ધ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

પ્રાર્થના

મૂળ અંગ્રેજીનું ભાષાંતર
તંત્રી

૧. હે સર્વ સમર્થ મા—તમે જ આ સૃષ્ટિનાં સર્જક માતા, પિતા ને સખા છો. સૃષ્ટિના સર્વ દુ:ખદર્દોનું નિવારણ કરવાનું સામર્થ્ય ધરાવો છો તમે જ બધા જીવોનાં પોષક છો તો મારી જરૂરિયાતને પણ લક્ષમાં લેજો.

૨. હે સૌંદર્યમૂર્તિ મા—આપે જ મને આ જીવન આપ્યું છે તો સદાય મારી સાથે મારા હૃદયમાં રહેજો, જેથી મારા મનમાં ઉત્તમ કાર્યો માટેના શુભ વિચારો જ પેદા થાય અને તે દ્વારા મા તારી પૂજા થતી રહે.

૩. હે પરમ વ્હાલાં મા—"મારામાં શ્રેષ્ઠ ડહાપણ જ્ઞાન, સાતત્ય, સહનશીલતા, ખંત વગેરે હકારાત્મક ગુણો સંસ્થાપિત કર જેથી હું તારા સર્જનને સર્વોત્તમ રીતે પ્રેમ કરી, તારી અપેક્ષા પરિપૂર્ણ કરી શકું.

૪. હે મારાં સંરક્ષક—અર્જુનના રથનું સારથિ પદ આપે જે રીતે સંભાળ્યું તે રીતે મારા હૃદયાસને વિરાજી આનંદ, સંવાદિતા શાન્તિ ને આત્મિક સુખના ભાવો પ્રકટાવો—જેથી તેમાં હું સ્વર્ગની સુવાસ ફેલાવી શકું.

૫ હે મારા સ્વામી—હું જ્યારે કંઇ કરું કે બોલું ત્યારે આપ મારી સન્મુખ હો જેથી હું ભૂલોમાંથી બચુ, કારણ કે મારે જીવન-માં વધુ ભૂલો કરવી નથી.

૬. હે અનન્ત સ્વામી—હર પરિસ્થિતિમાં હું સ્વસ્થ ને સમાધાનકારી રહી મુશ્કેલીઓ પાર કરી જાઉં ને મને મદદ કરનારના ઋણનો સ્વીકાર કરું.

૭. હે ધૈર્યના દાતા—સ્થળ, કાળ અને માનવોના અનુભવોને યોગ્ય રીતે પારખી શકું તેટલો સક્ષમ મને બનાવ. હું કદી પણ કટુવાણી ના ઉચ્ચારું.

૮. હે મારા પ્યારા પ્રભુ—હું જાણું છું કે આ જીવન નદીના પ્રવાહ જેવું છે તેમાં ચઢતી—પડતી આવવાની, કિન્તુ હું કદી નિરાશ, નાસીપાસ કે હતાશ થઇને ભાંગી ના પડું તે જોજે.

૯. હે સર્વશક્તિમાન પ્રભુ—ભૂતકાળનાં દુઃખોને ભૂલવાની અને સહુને ક્ષમા કરવાની શક્તિ મને આપ.

૧૦. હે સર્વવ્યાપક વિભુ, મારા જીવનને આપ જાણો છો. આત્મા તો અવિનાશી છે. મારા જીવનનો પ્રારંભ થયો છે, તે ક્યાં ને ક્યારે તેનો અંત કેવી રીતે આવશે તે જાણતો નથી. હું તો એટલું જ જાણું છું કે હું તો તારા માટે કામ કરવા આવ્યો છું ને તને વહેલામાં વહેલો પ્રાપ્ત કરી લઉં, એ મારી ઇચ્છા છે. હું આ દુનિયામાં ખાલી હાથે ભલે આવ્યો પણ જ્યારે વિદાય લઉં ત્યારે એ હાથ આધ્યાત્મિક ધનથી ભરેલા હોય. એવું ધન મેળવવા મને મદદ કરજે.

૧૧. હે દુ:ખભંજન પ્રભુ, મારી બધી ચિન્તાઓ, તનાવો, ક્રોધ, આળસ, કામ, લોભ, અણસમજ, તેમ જ બીજી ખામીઓને દૂર કરી દે જેથી હું જીવન સંગ્રામમાં ટકી શકું.

૧૨. હે સર્વ સામર્થ્યવાન પ્રભુ, તું મને એવી શક્તિ દે કે જેથી મારી કુટુમ્બ, સમાજ સંસ્થા વગેરે પ્રત્યેની જવાબદારીઓ

સંપૂર્ણ અને અસરકારક રીતે અદા કરી શકું. હું તો તારું હથિયાર માત્ર છું ભાગ્ય પ્રમાણે મને જે મળે તે માટે હું કદી કોઇને દોષ ન દઉં. તેમ જ ભૂતકાળની ભૂલો અંગે મારે કોઇ પશ્ચાત્તાપ કરવાનો રહેતો નથી, કેમ કે મારી જ ભૂલોનું તે પરિણામ હતું અને ભવિષ્યમાં સારું થઇ શકે તે માટેની શિખામણરૂપ હતું. એના પરિણામે મને કોઇ નુકસાન પણ થયું હોય, તો તે ભરપાઇ કરી આપવા પ્રભુ તું સર્વસમર્થ છે.

૧૩. હે મારા મનના અધીશ્વર દેવ—મને તું શાંત ને સ્વસ્થ રાખ, હું ઓછું બોલું ને ઓછું ખાઉં, પણ તું મારી પાસે જે કામ કરાવવા માગે છે, તે વધારેમાં વધારે કરી શકું. તું મને નમ્ર, સરળ અને તને સમર્પિત બનાવ—જેથી હું તારો સર્વોત્તમ વફાદાર સેવક બની શકું.

૧૪. હે સર્વશક્તિમાન પ્રભુ—આ વિશ્વને ચલાવવા માટે તેં જે નિયમો ને કાયદા કરેલા છે તે ખરે જ સંપૂર્ણ છે અને જ્યાંસુધી કોઇ વ્યક્તિ તારું શરણ લઇ તે કાયદાઓ પ્રમાણે જીવે છે ત્યાં-સુધી કોઇ તેનું કશું બગાડી શકતું નથી. હે પ્રભુ, તમે તો સર્વ શક્તિ ને સામર્થ્યના પ્રણેતા છો. હું સાચે જ આપના શરણમાં છું.

૧૫. હે મારા પ્રભુ—મારે ઠીક રીતે જીવવા માટે જે જે પ્રાથમિક આવશ્યકતાઓ—જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ ને સામાજીક મોભો તથા આબાદીની જરૂર હોય તે તું મને આપ.

૧૬. હે પરમ ઉદ્ધારક પ્રભુ—અમે તારે શરણે છીએ. અમને તારામાં સંપૂર્ણ શ્રદ્ધા છે. અમારી ભૂલોને ક્ષમા કરી અમને આશીર્વાદ ધર જેથી આપના દિવ્ય પ્રેમને અમે ઝીલી, તારું યોગ્ય વાહન બની શકીએ.

૧૭. હે મારા દયાળુ દેવ, મારે તારા સર્વ સર્જનમાં જ્યાં જ્યાં નજર કરું તે સર્વમાં, સૌંદર્યનું દર્શન કરવું છે. તેને તું મારી સમક્ષ પ્રગટ કર. તારી આવી કૃપાની ક્ષણની હું રાહ જોઇ રહ્યો છું. મને ઊંડા ધ્યાનમાં જોડી દે જેથી હું હંમેશ તારી સાથે જોડાયેલો રહું. હે પ્રભુ! મારું શેષ જીવન ફક્ત એક તારામાં ને તારા એકમાં જ ડૂબેલું રહે જેથી મારો જીવનપ્રવાહ સફળતાપૂર્વક આનંદદાયક-બની રહે. "મારી લાજ રાખો હરિ."

૧૮. હે પ્રભુ યોગેશ્વર અને મા સર્વેશ્વરી, મારી આ પ્રાર્થના ને અનંત પ્રણામોનો સ્વીકાર કરો. આપ મારા અંતરમાં વિરાજી રહ્યાં છો એનો મને અનુભવ થવા દો. જેથી હું સમગ્ર વિશ્વના સુખનો અનુભવ કરું.

જીવનમાં શાન્તિની જરૂરત જણાતી હોય તો ઈશ્વર-નું શરણું લો. યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૧.

વૈરાગ્યશતક

સમશ્લોકી અનુવાદ : યોગેશ્વરજી

ભર્તુહરિ

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી એ શ્રી ભર્તુહરિના વૈરાગ્ય-શતકનો સરળ ગુજરાતી–સમશ્લોકી અનુવાદ કરેલ છે. તેના થોડા થોડા શ્લોકો અહીં રજૂ કરવામાં આવી રહ્યો છે].

જેને ચિંતુ હું રોજ રક્ત નવ તે, મારામહીં લાગતી,
તે ઈચ્છે જન અન્યને, મનુજ તે આસક્ત બીજામહીં;
મારી સાથ જણાય પ્રેમ કરવા આનંદતી એ વળી,
હા ધિક્કાર મને અને મદનને, તેને અને અન્યને.

૨

વિદ્વાનો અભિમાનથી તર બન્યા, રાજા ભર્યા છે મદે,
અજ્ઞાની જડ અન્ય છે, દઉં પછી શી શીખ કોને હવે?

૩

સૂર્ય ઊગે આથમે, ઓછું જીવન થાય આ,
કામકાજમહીં સમય ક્યાં જાય એ જ જણાય ના;
જન્મમૃત્યુવિપત્તિ જોઈ ત્રાસ લેશે થાય ના,
મોહમદિરા પી જગત, લાગે પ્રમત્ત થયેલ આ.

૪

શું વ્યર્થ ભટક્યા કરે અરર ચિત્ત, વિશ્રાંતિ લે,
થવાનું ન થવાનું ના થતું ન થાય છે અન્ય તે;
ન ભૂત સ્મર, ભાવિના કર જરીય સંકલ્પ ના,
વિચારવિણ ભોગ ભોગવ તું આવનારા જતા.

ગંગાના ઘાટમાં મા સર્વેશ્વરી સાથમાં

કલ્યાણ

એ પાવન પળ આવી, લ્હાવો અમુલખ શો લાવી.

ફરી એકવાર કાળદેવતા સુવર્ણતકોનો સુવર્ણથાળ લઈને આપણી સમક્ષ હાજર થયા છે. પરમશક્તિના પ્રકટ સ્વરૂપના સાન્નિધ્યની આ પાવનપળો છે. પરમેશ્વરીના પરમપ્રેમને માણવા-ની આ અમૂલ્ય ક્ષણો છે.

પૂ. શ્રી મા સર્વેશ્વરીના પ્રકટ લીલાવિગ્રહના વિહારનો આનંદ તા. ૧૫, ડીસે.–૯૯ થી હરિદ્વારની પાવન તીર્થભૂમિ માણી રહી છે. શ્રી ગંગાજી હરિદ્વારની પાવન તીર્થભૂમિનો પ્રાણ છે એટલે સૌથી વિશેષ આનંદ તો પૂ. શ્રી માના પાવન સાન્નિધ્યનો શ્રી ગંગાજીને છે. પૂ. શ્રી મા અવારનવાર પોતાના પ્રકટ સ્વરૂપના સાન્નિધ્યનો લાભ શ્રી ગંગાજીને આપ્યાં કરે છે કારણ કે શ્રી ગંગાજી પૂ. શ્રી માની પ્રિય તીર્થભૂમિ છે. ગંગાતટે વિહાર કરવાનું પૂ. શ્રી માને સહજ ગમે છે.

શ્રી ગંગાજી શ્રી હરિના શ્રી ચરણોમાંથી પ્રકટયાં તો એ શ્રી ચરણોમાં વહેવાનો અને એ શ્રી ચરણોને પખાળવાનો આનંદ શ્રી ગંગાજીને વિશેષ હોય તે સ્વાભાવિક છે. જ્યારથી શ્રી હરિએ શ્રી ગંગાજીને લોકમાતાનું પ્રકટ સ્વરૂપ પ્રદાન કર્યું છે, તે દિવસથી તેમનો વિયોગ પણ શરૂ થયો. એ વિયોગ ત્યારે જ સુયોગમાં પલ્ટાય જ્યારે શ્રી હરિ સ્વયં લીલાતનુ ધારણ કરીને ફરીને ગંગા-તટપર વિહાર કરીને, ગંગાજલને સ્પર્શ કરીને, દર્શન આપીને શ્રી

ગંગાજીને ધન્ય કરે. શ્રી ગંગાજી પૂ. શ્રી માના પ્રકટ સ્વરૂપના સાન્નિધ્યમાં આ પાવનપળોનો પરમાનંદ માણી રહ્યાં છે.

શ્રી ગંગાજી માટે પૂ. શ્રી માના પાવન સાન્નિધ્યનો, દર્શનનો, સેવાનો સુવર્ણયોગ ચાલી રહ્યો છે. સાથે સાથે પૂ. શ્રી માના પ્રકટ સ્વરૂપના સાન્નિધ્ય માટે ગંગાતટે આવેલા બાળકો પણ નિત્ય-લીલાના દર્શનનો લ્હાવો માણી રહ્યા છે.

શ્રી ગંગાજીના પાવનતટે પૂ. શ્રી માના નિત્યલીલાદર્શનનો લ્હાવો અનેરો છે. તેમ છતાં સ્વર્ગારોહણ જેવું નિત્ય પ્રણામલીલા દર્શનનું સુખ અહીં નથી તેનું દુઃખ છે, સ્વર્ગારોહણના નિત્ય પ્રણામ-લીલા દર્શનનો આનંદ રાસલીલાની અભિનવ રસાનુભૂતિ છે.

પૂ. શ્રી માએ ગંગાતટે નિત્ય લીલાદર્શન માટે ભલે શ્રી પરમાર્થીના અસ્થિવિસર્જનના પ્રસંગને નિમિત્ત બનાવ્યો હોય પરંતુ કંઇ કેટલાય જીવો માટે એ નિત્ય લીલાદર્શન કલ્યાણકારી નીવડયું છે.

૨. આર્યનિવાસનો સત્સંગ યજ્ઞ

તા. ૧૫ ડીસે.–૯૯ થી અહીં આર્યનિવાસમાં પૂ. શ્રી માના નિત્ય લીલાદર્શન અને સત્સંગનો કલ્યાણ યજ્ઞ શરૂ થઇ ગયો છે. 'આર્યનિવાસ' જાણે પૂ. શ્રી માના નિત્ય લીલાનિવાસથી 'પરમ-ધામમાં' પલ્ટાઇ ગયું છે. ભાવિક ભક્તોની પ્રેમભક્તિની સુગંધથી જાણે મ્હેંકી ઊઠયું છે!

ખરેખર તો આ કલ્યાણ યજ્ઞનો આધારસ્તંભ શ્રી રમેશભાઇ અને શ્રી પૂનમબેન છે. તેમની શ્રદ્ધાભક્તિભરી સેવાથી પ્રસન્ન થઇને પૂ. શ્રી માને અહીં રહેવાનું ગમે છે. એટલે પહેલે જ દિવસે પૂ. શ્રી માએ પોતાનો સંતોષ પ્રકટ કરતાં કહ્યું, 'આર્ય-

નિવાસમાં આવ્યા એટલે જાણે આપણા ઘરમાં જ આવ્યા!'

'આર્યનિવાસ'ના આટલા બધા સુખદ નિવાસનું કારણ શ્રી પૂનમબેન અને શ્રી રમેશભાઇની પૂ. શ્રી મા પ્રત્યેની પ્રખર શ્રદ્ધાભક્તિ છે. શ્રી રમેશભાઇની આ સેવા અને સમર્પણ ભાવનાને લીધે તો પૂ. શ્રી માએ 'આર્યનિવાસ'ને પોતાના નિત્ય લીલાદર્શનનું 'પરમધામ'નું સૌભાગ્ય આપ્યું છે. શ્રી રમેશભાઇની શ્રદ્ધાભક્તિને લીધે જ જાણે પોતાના નિત્યધામમાં નિવાસ કરતાં હોય એટલી સહજતાથી પ્રસન્નતાપૂર્વક નિવાસ કરે છે. ક્યાંય કશોય સંકોચ નથી. સત્સંગપર્વ ઉજવવાનો અનેરો આનંદ છે, જરા સરખો પણ ખચકાટ નથી. મુક્તપણે સત્સંગપર્વ શ્રી રમેશ-ભાઇની શ્રદ્ધાભક્તિને લઇને સૌ માણી રહ્યા છે.

શ્રી રમેશભાઇ પણ પોતાના મેનેજરપદને ભૂલીને બાળક બનીને સત્સંગ માણી રહ્યા છે. આ ભાવિક દંપતી સત્સંગી બાળકો બનીને સૌ સાથે હળીમળી ગયા છે.

નિત્ય લીલાદર્શનનો ઉત્સવ ભક્તિભાવપૂર્વક પ્રારંભ પામી ગયો છે. ભરપૂર ઠંડીના દિવસો છે. ગંગાતટે તો ઠંડીનું સામ્રાજ્ય છવાઇ ગયું છે!

તા. ૧૬, ડીસે.–૯૯ ના રોજ ૮–૩૦ વાગ્યે સાંજે પૂ. શ્રી મા સત્સંગની બેઠકમાં પધાર્યાં છે. આટલી ઠંડીમાં પણ પૂ. શ્રી માએ બાલ્કનીમાં જઇને ગંગાજીને પ્રણામ કર્યા છે. પછી સોફાપર આવીને બીરાજ્યાં છે. ઠંડીને લીધે પૂ. શ્રી માએ બંધકોલરનો સફેદ કોટ પહેર્યો છે. મસ્તકે ગરમ ટોપી પહેરી છે. અમૃતા ધૂન ગવડાવી રહી છે.

ગંગામૈયા નમો નમઃ

શ્રી યોગેશ્વર નમો નમઃ

ધૂન પછી પ્રથમ જ દિવસે પૂ. શ્રી માએ સુંદર સૂત્ર આપ્યું.

૩. 'જાગતે રહો'

'જાગતે રહો'નો અર્થ સમજાવતાં પૂ. શ્રી માએ લખ્યું 'પરસ્પરના સંબંધોમાં જાગતે રહો, મન બીજે ક્યાંય ન વહેંચાય તે માટે જાગતે રહો, સત્સંગમાં, સ્વાધ્યાયમાં પ્રમાદ ન થાય તે માટે જાગતે રહો, નિયમો પૂરેપૂરા પાળવામાં જાગૃત રહો, આહારની સાત્ત્વિકતા અને મીતાહાર માટે જાગતે રહો.'

પૂ. શ્રી માએ લખ્યું, 'સત્સંગીઓએ પરસ્પરના સંબંધો માટે હમેશા 'ભાઇ' અને 'બહેન' શબ્દોનો પ્રયોગ કરવો. કાકા, મામા, માસી, વગેરે સંસારી સંબંધોનો પરસ્પર બોલાવવા માટે પ્રયોગ ન કરવો.'

પૂ. શ્રી માએ પહેલે જ દિવસે સાચા સત્સંગ માટે જાગૃત કરી દીધા! જાણે સત્સંગની પૂર્વ તૈયારી માટે સૌને સાવધ કરી દીધા! સંસારના સંબંધોને વિસારે પાડવા માટે થોડા દિવસો માટે ગંગાતટે આવ્યા છો તો સંસારના પ્રવાહમાં મન ખેંચાઈને વળી પાછું સંસારમાં ભટકવા નીકળી ના પડે, માટે જાગૃત રહેવાનું છે. પૂર્ણપણે સત્સંગમાં જ મન લગાડવું.

પૂરેપૂરો સત્સંગમાં જ સમય વીતે તે માટે પણ સાવધાન રહેવું. વાતોમાં, સૂવામાં, ફરવામાં, સત્સંગનો કીંમતી સમય વેડ-ફાઇ ન જાય તેનું ધ્યાન રાખવાનું પૂ. શ્રી મા કહે છે. વળી ગંગા-તટના પવિત્ર વાતાવરણમાં વિશેષ નિયમો લઇને વધુ સાધના

કરવી. તેમ જ સાદું, સાત્ત્વિક ભોજન યોગ્ય પ્રમાણમાં લેવું. ફલાહારપર વિશેષ ધ્યાન આપવું.

પૂ. શ્રી માએ કૃપાવચનોની લ્હાણ ધરતાં લખ્યું, "સત્સંગની બેઠકની શરૂઆતમાં અને અંતે ત્રણ વખત 'ૐ યોગેશ્વરાય નમઃ' બોલવું. ત્રણ વખત શા માટે? ભૂત, ભાવિ અને વર્તમાનમાં આપણું સર્વપ્રકારે રક્ષણ થાય તે માટે આ મહામંત્રનું સ્મરણ કરવું જોઇએ. વળી આપણાં વંદનભક્તિના ખાતામાં સ્મરણનું પુણ્ય જમા થાય તે વધારામાં. જેઓ ભાવપૂર્વક 'ૐ યોગેશ્વરાય નમઃ' એ મહામંત્રનું સ્મરણ કરે છે તેઓને ગતજન્મ, વર્તમાનજન્મ અને પુનર્જન્મમાં આશ્રય અને રક્ષણ મળી જાય છે."

પૂ. શ્રી માએ પોતાના બાળકોને આ કૃપાવચનોની લ્હાણ ધરીને જાણે સૌને અભય વરદાન આપી દીધું છે. જેઓ 'ૐ યોગેશ્વરાય નમઃ' એ મહામંત્રનો આશ્રય લેશે, ભાવથી એ મહા-મંત્રનું સ્મરણ કરશે, તેઓનું ત્રણેય કાળમાં આવનારા સંકટો સામે રક્ષણ થશે. વર્તમાન અને ભાવિમાં રક્ષણ થાય તે કૃપાની વાત સમજાય છે પરંતુ ગતજન્મનું શી રીતે રક્ષણ થાય? બીજું કોઇ કારણ સમજાય કે ના સમજાય પરંતુ પૂ. શ્રી માએ તે વચન-નું વરદાન આપ્યું છે એટલે કોઇ પણ રીતે ગતજન્મમાં પણ અવશ્ય રક્ષણ થાય જ! બીજું કંઇ નહીં તોપણ થઇ ગયેલાં પાપકર્મોનો બોજ અવશ્ય મોળો પડે. પૂ. શ્રી માના પરમવચનોનું સામર્થ્ય જ એટલું તો મહાપ્રતાપી છે કે તે પરમવચનો સત્ય જ ઠરે!

પૂ. શ્રી માની પોતાના બાળકોપર આ નરી કૃપાવર્ષા જ છે! વગરમાગ્યે વરદાનોનું દાન આપીને મોટાભાગની સાધના તો પૂ. શ્રી મા પોતાના બાળકોવતી કર્યા કરે છે! માતૃવાત્સલ્યવર્ષાની ક્યાં કોઇ સીમા અંકિત હોય છે!

શ્રી ઈશ્વરભાઈના અસ્થિવિસર્જન

પૂ. શ્રી મા 'મા' છે એટલે તો શ્રી પરમાર્થીના અસ્થિવિસર્જનના કાર્યક્રમ માટે જ ભરપૂર ઠંડીની મોસમમાં કોઈ પણ મુશ્કેલીઓનો વિચાર કર્યા વગર હરિદ્વાર પધાર્યા છે. પૂ. શ્રી મા પોતાના બાળભક્તો માટે કોઈ પણ મુશ્કેલીને ગણકારતાં નથી. પૂ. શ્રી મા હમેશાં પોતાના બાળકોના શ્રેયનો જ વિચાર કરે છે. જો બાળકોનું શ્રેય થતું હોય તો કડકડતી ઠંડીની પરવા કરતાં નથી. નહીંતર હકીકત એમ છે કે અકસ્માતના ઓપરેશનો પછી શરીર ઠંડી સહન કરી શકે તેવી સ્થિતિમાં નથી. છતાં અસ્થિવિસર્જનનો સંપૂર્ણ કાર્યક્રમ સંપૂર્ણ ભક્તિભાવપૂર્વક પાર પાડયો છે.

પૂ. શ્રી મા અને ગુરુહરિના બાળભક્તો માટે તો શ્રી પરમાર્થીનું પ્રદાન વિશેષ છે. શ્રી પરમાર્થી મહાન જ્ઞાની ભક્ત હોવા છતાં તેઓ ફક્ત પૂ. શ્રી માના બાળભક્ત બનીને પૂ. શ્રી માને અંતરના ભાવોની જે અનુપમ કાવ્યાંજલિ અર્પણ કરી છે તે તેઓનું આત્મનિવેદન ખરેખર અનેરું છે. શ્રી પરમાર્થીએ પોતાની સુંદર ભાવસૃષ્ટિનો અર્ધ્ય શ્રી માતૃચરણે ધર્યો છે. શ્રી દમયંતિબેનના માધુર્યસભર કંઠમાંથી જ્યારે એ ભાવગુંજન પ્રકટ થાય છે ત્યારે સૌને માટે ધ્યાનની સાધના સહજ બની જાય છે! એ લય, તાલ, હલક ને ભાવનું સંયોજન થાય છે ત્યારે મંગલમય ભાવસૃષ્ટિ સહજ સાકાર બની જાય છે.

આ અસ્થિવિસર્જન નિમિત્તે શ્રી પરમારથીની ભાવસૃષ્ટિનું દર્શન પૂ. શ્રી મા શ્રી દમયંતિબેનની માધુર્યસભર કંઠવીણાદ્વારા કરાવી રહ્યાં છે. અત્યારે જ સૌ શ્રી દમયંતિબેનની અંતરવીણામાંથી પ્રકટ થતી શ્રી પરમાર્થીની માતૃપ્રેમસભર ભાવસૃષ્ટિનું દર્શન કરી રહ્યા છે.

લાખો વંદન કરીએ માડી રે,
તારા ચરણોમાં કરીએ કોટિ પ્રણામ.
પ્રેમની મેઘલ ધારે,
કરતી દુખ વિહીન માડી.

તું હશે તો પ્રભુને જગમાં,
આવવું પડશે ખચીત રે. લાખો વંદન.

હમણાં સવાર, બપોર અને સાંજની સત્સંગની બેઠકમાં શ્રી પરમાર્થીને સ્મરણાંજલિ અર્પવામાં આવી રહી છે. સત્સંગનો એક માત્ર વિષય શ્રી પરમાર્થી જ છે. જુદા જુદા વક્તાઓ શ્રી પરમાર્થીનાં સંસ્મરણો યાદ કરીને તેમણે આપેલા યોગદાનના વિશાળ ફલકનું મહત્ત્વ સમજાવી રહ્યા છે.

શ્રી પરમાર્થીએ કૌટુંબિક, સામાજિક, સાહિત્યિક અને આધ્યાત્મિક ક્ષેત્રે બહુ મૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી પરમાર્થી જાણે સંપૂર્ણ જીવન જીવ્યા છે. સંતાનોને સુંદર સંસ્કારોનો વારસો આપીને સૌને મુક્તપણે જીવન જીવવાનો હક્ક આપ્યો છે. સૌ સંતાનો દેશવિદેશમાં પોતપોતાની ઋચિ પ્રમાણેનું સંસ્કારી જીવન જીવી રહ્યા છે.

સામાજિક સેવાક્ષેત્રે પણ તેમનું પ્રદાન ઘણું મોટું છે. આદિવાસી વિસ્તારોમાં તેમણે શાળાઓ સ્થાપી છે. ખ્રિસ્તીઓની વિશાળ પ્રવૃત્તિઓ સામે પણ તેમણે આદિવાસી વિસ્તારોમાં બાથ ભીડી છે. કપૂરાગામની સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ તેઓ મોખરે રહ્યા છે. છેલ્લે છેલ્લે શુદ્ધ વોટરપ્લાન્ટનું દાન પણ તેમણે જ આપ્યું હતું.

સાહિત્યિક ક્ષેત્રે તો શ્રી કબીર સાહિત્યમાં તેમનું ભારતભરમાં નામ છે. શ્રી કબીરસાહેબની સાખીઓપર તેમણે અદ્વિતીય

ઊંડાણનું દર્શન કરાવ્યું છે. શ્રી કબીરસાહેબપર લખેલા પુસ્તકો ખરેખર અજોડ છે. શ્રી કબીર સાહિત્યપરનું તેમનું સંશોધન બેનમૂન છે. આ ઉપરાંત તેઓ જન્મજાત કવિ હતા. ગમે તેવી ગહનતાને તેઓ કાવ્યોદ્વારા સરળતાથી સમજાવી શકતા.

આધ્યાત્મિક ક્ષેત્રે તેઓ અનુભૂતિ સંપન્ન સાધક હતા. ઘણા સંતોનો તેમને પરિચય થયો હતો. છેલ્લે પૂ. શ્રી યોગેશ્વરજીની આધ્યાત્મિક સાધના, સિદ્ધિઓ અને દિવ્ય અનુભૂતિઓથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. પૂ. શ્રી યોગેશ્વરજીએ જ તેમને શ્રી કબીરસાહેબનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં હતાં. ત્યાર પછી શ્રી પરમાર્થીએ પૂ. શ્રી યોગેશ્વરજીને ગુરુપદે સ્થાપીને તેમના શ્રી ચરણોમાં જીવન સમર્પિત કર્યું હતું.

સમય જતાં તેઓ પૂ. શ્રી મા સર્વેશ્વરીના તપસ્વી જીવન અને દિવ્ય અનુભૂતિઓના સાક્ષી બન્યા હતા. શ્રી પરમાર્થીએ પૂ. શ્રી મા અને પૂ. શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરીને તેઓના કૃપાપાત્ર બન્યા હતા.

પૂ. શ્રી મા દ્વારા ગંગાકિનારે સંપન્ન થયેલી શ્રી પરમાર્થીના અસ્થિવિસર્જનની ભવ્ય માંગલિક વિધિ શ્રી પરમાર્થીના સમર્પિત જીવનને પૂ. શ્રી મા દ્વારા અપાયેલી ભાવભરી ભવ્ય પ્રેમાંજલિ છે.

તા. ૧૮, ડીસે.–૯૯ રોજ ગંગાઘાટ પર પૂ. શ્રી માએ શ્રી પરમાર્થીના અસ્થિવિસર્જનનો કાર્યક્રમ રાખ્યો છે. આજે પૂ. શ્રી મા સ્વયં ગંગાઘાટપર પધાર્યાં છે. હૂંફાળા સૂર્યતાપમાં પૂ. શ્રી મા પૂર્વાભિમુખે સોફાપર બીરાજ્યાં છે. પૂ. શ્રી માના સન્મુખે શ્રી પંડિતજી અસ્થિવિસર્જનની માંગલિક વિધિ કરાવી રહ્યા છે. પૂજાવિધિ શ્રી પરમાર્થીના સ્વજનોદ્વારા થઇ રહી છે. સૌ બાળભક્તો પણ પૂ. શ્રી માના સન્મુખ બેઠા બેઠા પોતાનો સ્વાધ્યાય કરી રહ્યા છે.

ગંગાતટના પ્રભાતનું દર્શન મનોહારી છે. શ્રી ગંગાજી પોતાના વિશાળ વારિપટ પર થઇ ઉત્સાહભેર પોતાના ધ્યેયની દિશામાં એકધારાં વહી રહ્યાં છે. પૂ. શ્રી માના દર્શનનો વિશેષ આનંદ શ્રી ગંગાજીના હૈયે હોય તે સ્વાભાવિક છે. શ્રી ગંગાજીની જેમ પૂ. શ્રી માના બાળભક્તો પણ માતૃદર્શનનો અનુપમ લ્હાવો માણી રહ્યા છે. બાળકોને આજે બંને માતાઓના ખોળામાં બેસવાનો અપૂર્વ લ્હાવો મળ્યો છે તેથી મનમૂકીને પ્રકટ સ્વરૂપનું સાન્નિધ્ય માણી રહ્યા છે. પૂ. શ્રી મા અસ્થિવિસર્જનની પૂજનવિધિને કૃપાદૃષ્ટિપૂર્વક નિહાળી રહ્યાં છે.

શ્રી પંડિતજી પ્રાણ રેડીને પૂજનવિધિ કરાવી રહ્યા છે. બંને માતાઓના પ્રત્યક્ષ સ્વરૂપ આગળ પૂજનવિધિદ્વારા શ્રી પરમાર્થીની સદ્ગતિ માટે પ્રાર્થના કરી રહ્યા છે. પ્રકટ પરમશક્તિ પૂ. શ્રી મા પ્રત્યક્ષ રીતે શ્રી પરમાર્થીની સદ્ગતિ માટેની શ્રી પંડિતજી અને શ્રી પરમાર્થીના સ્વજનોદ્વારા કરાતી પૂજનવિધિદ્વારા વ્યક્ત થતી પ્રાર્થનાઓ સ્વીકારી રહ્યાં છે.

પોતાના શરણાગત બાળકોને પૂ. શ્રી મા કેવું સૌભાગ્ય ધરી રહ્યાં છે? શરણાગત બાળકોને જીવનભર તો પ્રભુપંથે દોરે છે સાથે સાથે જીવનના અંતે પણ પૂ. શ્રી મા પોતાના શરણાગત બાળકોને પોતાનું પરમ સાન્નિધ્ય ધરીને સદ્ગતિના પંથે દોરી રહ્યાં છે. જન્માંતરોની ગતિ વખતે પણ પૂ. શ્રી મા સાથે રહીને પોતાના બાળકોના પ્રભુપ્રેમના સંસ્કારોની સંભાળ રાખે છે.

શરણાગતનો આ જ પરમ મહિમા છે. પોતાનો શરણાગત

બાળક આ જીવન છોડીને ગમે ત્યાં લોકાંતરોમાં વસે તો ત્યાં પણ પૂ. શ્રી માની કૃપાદૃષ્ટિથી રક્ષાયેલો રહે છે. પૂ. શ્રી મા તેને પોતાની કૃપાદૃષ્ટિથી ક્યારેય વંચિત કરતાં નથી. શ્રી પરમાર્થીની તો કેવી નમ્રતાભરેલી શરણાગતિ! પોતે આટલા મહાન જ્ઞાની હોવા છતાં એ જ્ઞાનનો ભાર પૂ. શ્રી માની શરણાગતિ સ્વીકારવામાં વિક્ષેપરૂપ બન્યો નથી! જ્ઞાનનું જરા પણ ગુમાન રાખ્યા સિવાય એમણે પૂ. શ્રી માના શ્રી ચરણોમાં જીવન સમર્પિત કરી દીધું હતું! છેક છેલ્લે અમેરિકાથી આવ્યાં ત્યાંસુધી પૂ. શ્રી માના દરેક સત્સંગના કાર્ય-ક્રમોમાં હાજરી આપી. છેલ્લે છેલ્લે તો જગત તરફથી દૃષ્ટિ હટાવીને જગદીશ્વરમાં પરોવી દીધી હતી.

શ્રી પરમાર્થી દેશવિદેશમાં સત્સંગીઓ માટે સત્સંગના આધાર-સ્તંભ જેવા હતા. પૂ. શ્રી માને મૌન રહેતું હોવાથી એ મૌનની ભાષા જાણે શ્રી પરમાર્થી બની ગયા હતા. પૂ. શ્રી મા તેમને દરેક સત્સંગ સભાઓમાં સાથે જ રાખતાં. પૂ. શ્રી માએ તેમને જ્ઞાની-માંથી જાણે સરળજ્ઞાની બનાવી દીધા હતા. જ્ઞાનનું પરિણામ સરળતા છે એ શ્રી પરમાર્થીએ પૂ. માના સરળ જીવનમાંથી શીખી લીધું હતું એટલે જ્ઞાનની આંટીઘૂંટીમાંથી જ્ઞાનની સરળતા શ્રી પરમાર્થી પૂ. શ્રી મા પાસેથી પામ્યા હતા અને એ સરળજ્ઞાન દ્વારા જ શ્રી પરમાર્થીએ સૌને સરળમાતાના સરળ બાળકો બનાવી દીધાં હતાં. શ્રી સર્વેશ્વરી બાવનીની રચના શ્રી પરમાર્થીની જ્ઞાન-યુક્ત ભાવોની સરળ અભિવ્યક્તિ છે. પૂ. શ્રી માએ શ્રી પરમાર્થીને સરળ બનાવીને સરળતાથી મૃત્યુને પેલેપાર પહોંચાડી દીધા!

શ્રી પરમાર્થીની વિદાય પછી શ્રી પરમાર્થીના સ્વજનો માટે પૂ. શ્રી મા આધારસ્તંભ બની રહ્યાં. જાણે એક આધારસ્તંભ ખસી ગયો તો પૂ. શ્રી મા જાતે જ આધારસ્તંભ બનીને સૌને માટે

આશ્વાસનરૂપ બની રહ્યાં. અકસ્માત્‌થી ઘવાયેલા શરીરની વેદનાનો જરા પણ વિચાર કર્યા વગર આટલી ભરપૂર ઠંડીમાં પણ શ્રી પરમાર્થીના અસ્થિવિસર્જનના કાર્યક્રમનો સઘળો દોર સંભાળી લીધો. કોઇને કશી વાતે તકલીફ પડવા દીધી નથી. બધું જ માર્ગ-દર્શન અને સંચાલન પૂ. શ્રી માએ જાતે સંભાળ્યું હતું.

અસ્થિપૂજન વખતે અહીં હરિદ્વારના સંસ્કૃત વિદ્યાલયના બાળકોને પૂ. શ્રી માએ બોલાવ્યા હતા. શ્રી પંડિતજીની સાથે આ બાળકો જ્યારે સંસ્કૃતમાં મંત્રોચ્ચાર મોટે મોટેથી કરતા ત્યારે ગંગા-તટનું વાતાવરણ દિવ્ય બની જતું હતું. જાણે કોઇ પ્રાચીન ઋષિ-મુનિઓના આશ્રમમાંથી પરમ શક્તિની પ્રાર્થના માટેનો દિવ્યઘોષ ન ઊઠતો હોય? ગંગાતટે પૂ. શ્રી માના સાન્નિધ્યમાં આ અસ્થિ-વિસર્જનનો પૂજનવિધિ એટલો તો શોભી રહ્યો હતો કે સૌને લાગી રહ્યું હતું કે મૃત્યુનું મહાપ્રયાણ પણ કોઇ દુઃખદ નહિ પણ મંગલ પ્રયાણ છે. પૂ. શ્રી માના સાન્નિધ્યમાં સર્વત્ર સાત્ત્વિકતા, દિવ્યતા, શુચિતાનું જાણે સામ્રાજ્ય છવાઇ ગયું. અંતિમ વિદાયના એ પ્રસંગને જાણે માણ્યા જ કરીએ એમ સૌને લાગતું હતું.

અસ્થિપૂજનવિધિ પૂરી થયા પછી પૂ. શ્રી મા સ્વયં પોતાના સ્થાનેથી ઊભાં થઇને સ્વહસ્તે અસ્થિકુંભને ખૂબ જ ભાવપૂર્વક પુષ્પમાળા અર્પણ કરે છે. અસ્થિકુંભની પ્રદક્ષિણા કરીને ઘૂંટણિયે પડીને અસ્થિકુંભને પ્રણામ કર્યાં. ભક્તોએ પણ પ્રણામ કરીને પુષ્પાંજલિઓ અર્પી. હવે અસ્થિકુંભ ગંગાજલમાં પધરાવવાની તૈયારી છે. વાતાવરણ ગંભીર ભાવપૂર્ણ બની ગયું છે. પોતાના સ્વજનના અંતિમ અવશેષને શ્રી ગંગામૈયાના ખોળામાં સમર્પી દેતા મમતાભરી સંતૃપ્તિ અનુભવી રહ્યા છે.

છેલ્લે પૂ. શ્રી માએ પોતાના વરદહસ્તથી અસ્થિકુંભને સ્પર્શ કરીને ગંગાજલમાં વિલીન કરવાની આજ્ઞા આપી છે. શ્રી પંડિતજી સાથે શ્રી પરમાર્થીના સ્વજનો ગંગામૈયાના વિશાળ વારિપટપર દૂર સુધી ગયા છે. શ્રી પંડિતજી ગંગાજળમાં ઊભા રહીને તેમના સ્વજનો પાસે વિદાયની અંતિમ વિધિ કરાવી રહ્યા છે. અસ્થિ-કુંભના વિસર્જન વખતે પૂ. શ્રી મા વરદહસ્ત જોડીને છેલ્લી પ્રાર્થના સાથે છેલ્લી ભાવભરી વિદાય આપી રહ્યા છે. શ્રી ગંગા-સ્વરૂપે પૂ. શ્રી માએ પોતાના શરણાગત બાળકને જાણે પોતાના ખોળામાં લઇ લીધો!

શ્રી પરમાર્થીની સદ્‌ગતિ માટે પૂ. શ્રી માએ સુપાત્રે ઉદારદિલે દાન કરાવ્યું. પૂ. શ્રી માએ તેમના સ્વજનોને પ્રેરણા આપીને સંસ્કૃત વિદ્યાલયના બાળકોને વસ્ત્રદાન, દ્રવ્યદાન અપાવ્યું. સૌને ભોજન કરાવીને તૃપ્ત કર્યાં. પૂ. શ્રી માએ પણ સૌ બાળકોને સ્વ-હસ્તે દક્ષિણા આપી.

શ્રી પરમાર્થીની ઉત્તરક્રિયા ઉત્તમ રીતે સંપન્ન થઇ. પૂ. શ્રી માએ લખ્યું, "શ્રી પરમાર્થી પાછળ સુપાત્રે લક્ષ્મી ખર્ચાઇ તેથી તેનો ઉત્તમ ઉપયોગ થયો છે. પાત્ર જોયા વિના દાન કરીએ તો તેનો દોષ પણ આપણને લાગે. દાન આપેલી લક્ષ્મીથી જો કોઇ પાપકર્મ કરે તો તેના ભાગીદાર આપણે પણ બનવું પડે.

પૂ. શ્રી માએ પોતાના સુપાત્ર બાળકને વધુ સ્વચ્છ સુંદર અને સુપાત્ર બનાવીને શ્રી યોગેશ્વર પ્રભુના શ્રી ચરણોમાં સોંપી દીધો! પ્રભુના થઇ જાય તે પ્રભુને પામે છે.

અસ્થિવિસર્જનના પૂજનમાં પરમાર્થીના પુત્રો શ્રી જયેશ અને પંકજ તેમ જ તેમની પુત્રીઓ શ્રી નિવેદિતા, કલ્પના અને

ભાવનાબેન, આશા, જમાઇ ધનસુખલાલ, પુત્રવધૂ શ્રી ટીનુ ને ભાણેજ શ્રી મહેન્દ્રભાઇ તેમ જ બેન ગુલાબબેન ને ભાભી સરસ્વતીબેન, શ્રી મણીબેન માટે પરદેશથી આવી ઉપસ્થિત રહ્યાં. પુત્રો અને પુત્રીઓએ હાજર સાધકોને જમાડી—બ્રાહ્મણોને વસ્ત્ર-દાન સાથે દક્ષિણા આપી હતી.

શ્રી ઇલાબેન ભક્તે પણ પોતાના સ્વર્ગસ્થ પિતા શ્રી દુર્લભજી-ભાઇ નિમિત્તે સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને દક્ષિણા સહિત વસ્ત્રદાન કર્યું.

હે જ્ઞાનેશ્વર હે ધ્યાનેશ્વર.
હે યોગેશ્વર સંયોગેશ્વર.
પ્રણામ શતશત હો તમને.

O

નાથવચનામૃત

મનોવૃત્તિ ભવિષ્યના વિષયોનું નિરર્થક અનુસંધાન અને અતીત વિષયોનું નિરર્થક ચિંતન કરતી પ્રતીત થાય ત્યારે તેનો તે મહાસંનિપાત ટાળવા તમારે તેને કહેવું કે, "મારા અસંગ ને કાલાતીત સ્વરૂપમાં ભવિષ્યકાલના પદાર્થોનો કે ભૂતકાલના પદાર્થો-નો સંભવ જ નથી, માત્ર વર્તમાનકાલના પદાર્થો જ મારા સાક્ષિ-ચેતનના વિવર્તરૂપે પ્રારબ્ધથી પ્રતીત થાય છે. પ્રતીત થતાં તે પદાર્થો પણ વસ્તુતાએ અધિષ્ઠાન ચૈતન્યથી ભિન્ન ન હોવાથી પરમાનંદરૂપ છે, તેથી રાગદ્વેષના વિષય નથી, માટે તારે અજ્ઞાનને વશ થઇ નિરર્થક વિક્ષેપ પામી વ્યાકુલ થવું યોગ્ય નથી. હવે શાંત થા, અને નિરવધિ આનંદનો અનુભવ કર."

શ્રીમન્નાથભગવાન્

વૈષ્ણવ એટલે શું? વ્યાપક. સૌમાં પ્રવેશીને જે સૌમાં રહેલા છે તે પરમાત્મા. એમનામાં જે ભાવભક્તિ રાખે, એમને જે માને તે વૈષ્ણવ. એટલે વિષ્ણુ શું પાલીતાણામાં નથી? તે તો જડ અને ચેતન બધામાં છે. વૈષ્ણવ છું એટલે સર્વવ્યાપક ઈશ્વરમાં માનનારો, વિશાળ હૃદયનો છું એટલે તો પાલીતાણા આવ્યો છું.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji@yahoo.Com

સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલા પુસ્તકો લખ્યા. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઈક ને કંઈક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

— ડો. બી. જે. જાગાણી)

પ્રશ્ન : વર્તમાન સમયમાં તમારી દૃષ્ટિએ આત્મકલ્યાણ, આત્મવિકાસ અથવા આત્મશાંતિને માટેનું અક્સીર, અમોઘ સર્વોત્તમ સાધન કયું છે?

ઉત્તર : સૌથી સરળ, સહજ, સચોટ, સર્વોત્તમ સાધન પ્રાર્થનાનું છે.

પ્રશ્ન : પ્રાર્થનાનું?

ઉત્તર : હા.

પ્રશ્ન : કેટલાંક શાસ્ત્રો ને સંતોએ નામજપનો મહિમા વધારે કહ્યો છે અને નામસ્મરણના સાધનને વર્તમાન સમયને માટે સર્વોત્તમ કહ્યું છે.

ઉત્તર : નામસ્મરણનું સાધન પ્રાર્થનાથી અવિરોધી છે, છતાં

પણ પ્રાર્થનાના સાધનપર જેટલો પણ ભાર મૂકીએ એટલો ઓછો છે. એ સાધન નવું નથી. સંસ્કૃતિના ઉષઃકાળથી શરૂ થયેલું છે. મોટા મોટા ભક્તોએ એમનાં કેટલાંક પદો કે ભજનોના રૂપમાં એમના અંતરના ભાવોની અભિવ્યક્તિ કરીને પરમાત્માની પ્રાર્થનાઓ જ કરી છે. એ દ્વારા પરમાત્માના અનુગ્રહને અનુભવવાની કોશિષ કરીને એમાં અલ્પ અથવા અધિક પ્રમાણમાં સફળતા પણ મેળવી છે. આજે પણ એ સાધનનો આધાર લઇ શકાય છે. પ્રાર્થનાનું એક જ સાધન પૂરતું છે.

પ્રશ્ન : પ્રાર્થના કેવી રીતે કરવી?

ઉત્તર : સહજ રીતે કરવી જોઇએ. પ્રાર્થના શ્લોકના રૂપમાં ભજન કે ગીતના સ્વરૂપમાં, પોતાની ભાષામાં બોલીને અથવા મૂક રીતે મનમાં જ કરી શકાય, પરંતુ એ કરાવી જોઇએ સ્વાભાવિક રીતે. સ્વાભાવિક રીતે કરવામાં આવતી પ્રાર્થનાને પહેલાં થોડીક વાર લાગશે. એવી પ્રાર્થના પ્રાર્થનાનો સાચો પ્રેમ પ્રકટયા પછી પાછળથી થશે. આરંભમાં તો અસ્વાભાવિક અથવા કૃત્રિમ પ્રાર્થનાનો જ આધાર લેવો પડશે. એવી પ્રાર્થના પણ નકામી નહીં જાય. થોડો પણ લાભ કરશે જ.

પ્રશ્ન : પ્રાર્થના માટેનો કોઇ નિશ્ચિત સમય હોવો જોઇએ ખરો?

ઉત્તર : હોય તો સારું છે. ખાસ કરીને શરૂઆતમાં પ્રાર્થનાનો ચોક્કસ સુનિશ્ચિત સમય રાખવામાં અને એને ખૂબ જ ચીવટપૂર્વક વળગી રહેવામાં આવે તો તેથી લાભ થાય છે.

પ્રશ્ન : કેવો લાભ થાય છે?

ઉત્તર : પ્રથમ લાભ તો એ થાય છે કે મનને નિશ્ચિત સમયે

પ્રાર્થના કરવાની ટેવ પડે છે. એ વખતે મન એને માટે તૈયાર રહે છે. બીજો લાભ મનની એકાગ્રતાનો છે. જેમ જેમ પ્રાર્થનાનો પ્રેમ વધે છે તેમ તેમ એકાગ્રતા વધે છે, સમયનો સદુપયોગ થાય છે, અને માનસિક શાંતિ મળે છે. મન અથવા અંતર ભાવમય બને છે. નિયમિત રીતે નિશ્ચિત સમયે પ્રાર્થના કરવાની ટેવ પાડવાથી મન માટે પ્રાર્થનામાં જોડાવાનું સહેલું બને છે. મનમાં એક પ્રકારનો અંતરંગ પ્રવાહ પેદા થાય છે. એ પ્રવાહ આખરે કલ્યાણકારક ઠરે છે. પછી તો પ્રતિપળે અને પ્રતિસ્થળે પ્રાર્થના થયા કરે છે. એને માટે કોઇ નિશ્ચિત સમયની આવશ્યકતા રહેતી નથી. સમગ્ર જીવન પ્રાર્થનામય બને છે. પળે પળે પરમાત્મા પ્રત્યે પ્રવાહિત થાય છે.

પ્રશ્ન : પ્રાર્થના કરનારને જ્ઞાન કે ધ્યાનની આવશ્યકતા રહે છે?

ઉત્તર : પ્રાર્થના કરનાર જ્ઞાન કે ધ્યાનની રુચિ રાખે અને જ્ઞાન કે ધ્યાનનો આધાર લે તો કશી હરકત નથી. એથી લાભ જ થાય છે. પરંતુ પ્રાર્થના કરનારને માટે એમનો આધાર લેવાનું અનિવાર્ય નથી. એ પ્રાર્થનાનો આધાર લે છે એટલું પૂરતું છે. પ્રાર્થનાની શક્તિ અને શક્યતા એટલી બધી અનંત છે કે એને લીધે જ્ઞાન તથા ધ્યાન આપોઆપ આવે છે. પ્રાર્થનાની મદદથી હૃદય સંવેદનશીલ અને ભાવવિભોર બનતાં ભાવસમાધિની પ્રાપ્તિ આપોઆપ થાય છે, અને આત્મજ્ઞાનની આકાંક્ષા હોય છે તો તે પણ ઈશ્વરની કૃપાથી આપોઆપ પૂરી રહે છે.

રામકૃષ્ણ પરમહંસદેવ જગદંબાને રોજ પ્રાર્થના કરતા કે મા વેદોમાં, ઉપનિષદોમાં, ગીતા, રામાયણાદિ પુરાણ ગ્રંથોમાં જે કંઇ કહ્યું છે તેનું રહસ્ય મા તું જ બતાવી દે. મારામાં જ્ઞાન, ભક્તિ, યોગ, જપ, તપનો છાંટોય નથી. તારી અહેતુકી કૃપાનો જ મારે આધાર છે. કૃપા કરીને મને તારું દૈવી દર્શન આપ. એ પ્રાર્થનાના

પરિણામે એમને માનું દૈવી દર્શન તો થયું જ પરંતુ સાથે સાથે એવું આત્મજ્ઞાન પણ મળ્યું કે એમના શ્રીમુખમાંથી આત્મજ્ઞાનનાં જે અસાધારણ રહસ્યો નીકળતાં એમને સાંભળીને એ જમાનાના મોટા મોટા પંડિતો અને વિદ્વાનો પણ આશ્ચર્યચકિત અને મંત્રમુગ્ધ બની જતા. જ્ઞાન–વિજ્ઞાનના શાસ્ત્ર સંમત ગૂઢાતિગૂઢ રહસ્યોને એ ખૂબ જ સ્વાભાવિક સરળમાં સરળ સુસ્પષ્ટ ભાષામાં રજૂ કરતા. એ જ્ઞાન વિજ્ઞાનનું મૂળ પ્રાર્થનામાં અને એની દ્વારા વસનારી માની અલૌકિક કૃપામાં હતું. પ્રાર્થનાની શક્તિ એવી ચમત્કારિક છે. એનો લાભ કોઇ પણ લઇ શકે છે.

પ્રશ્ન : પ્રાર્થનાદ્વારા પરમાત્મા સાથે સંબંધ બંધાય છે?

ઉત્તર : બાંધવો હોય તો જરૂર બંધાય છે. પ્રાર્થના એવી રીતે સેતુ બને છે.

પ્રશ્ન : કેવી રીતે?

ઉત્તર : પ્રાર્થના કરનારને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પરમાત્માનું અવલંબન લેવું પડે છે. એ સમજે છે કે પરમાત્મા સર્વશક્તિમાન છે અને જે એમનું શરણ લે છે અને સ્મરણ કરે છે એની સદા રક્ષા કરે છે. એમને શાંતિ આપે છે તથા સહાયતા પહોંચાડે છે. પરમાત્માની પરાત્પર શક્તિમાં વિશ્વાસ રાખીને એ એમની આગળ આત્મનિવેદન કરતાં શીખે છે. અહર્નિશ અનુભવે છે કે આ જગતમાં, જીવનની જટિલ યાત્રામાં, પોતે એકલો નથી. પરમાત્મા પોતાની પડખે છે. એ પોતાને સહીસલામત રીતે આગળ વધારવા ને મદદરૂપ થવા સદા તૈયાર છે. અનુભવ વધે છે એ પરમાત્મા તરફ વધારે ઢળે છે. એનો પરમાત્મા સાથેનો સંબંધ વધારે ને વધારે બળવાન બનતો જાય છે. □

પ્રેમમાં જ મુક્તિ

શ્રી યોગેશ્વરજી

મુક્તિને માટે માણસો શું શું નથી કરતાં? મનની શાંતિ ને મુક્તિ માટે તપ કરે છે, તીરથ કરે છે, ને દાન તથા યજ્ઞના અનુષ્ઠાનમાં પણ પડે છે.

યોગીઓ પ્રાણાયામ ને ખેચરીના સાધનથી સમાધિમાં સ્થિર થવાની સાધના કરે છે, ને કોઇ વળી જપ ને ધ્યાનનું આલંબન લે છે.

કોઇ ઘર છોડે છે, નામ ને રૂપ બદલે છે, ને મૌન રાખી ગિરિજેવા ગંભીર બનીને શ્વાસ લે છે.

પોતપોતાની રુચિ પ્રમાણે સૌ કોઇ જુદાં જુદાં સાધન કર્યા કરે છે. પણ મારે તે સાધનોની જરૂર નથી પડી અથવા એમ કહો કે તે સાધનોનું ફળ મારે માટે સહજ બની ગયું છે. મેં તો તમારા પ્રેમી થવાનું જ પસંદ કર્યું છે, તમારા પ્રેમમાં જ મને મુક્તિ ને શાંતિનો મહારસ મળી ગયો છે. મેં તો તમારા પ્રેમી થવાનું જ પસંદ કર્યું છે.

પાવન પ્રવાસની પગદંડી

સંકલન : સંજય પંડયા
લેખક : યોગેશ્વરજી

પગલું–૧ "ધ્યાન"

આધ્યાત્મિક સાધનાના સર્વોચ્ચ અનુભવ પ્રાપ્ત કરવાની સાથોસાથ સત્વશીલ સાહિત્યના આકાશમાં સોળે કળાએ ખીલ્યા હોય એવા વિરલ મહાપુરુષો કેટલા? પ. પૂ. યોગેશ્વરજી આવી વિશિષ્ટ કક્ષાના પ્રતિભાવંત મહાપુરુષોમાં અનેરુ સ્થાન ધરાવતા હતાં. તેઓશ્રીએ પોતાના જીવનમાં અવિરત સાધનાદ્વારા અણમોલ આધ્યાત્મિક અનુભવો પ્રાપ્ત કર્યા અને તે અનુભવોના અમૃતનું; સરળ અને રસાળ વાણીમાં તમામ સ્તર અને વર્ગનાં લોકો સમજી શકે તેવી રીતે, અગણિત પ્રવચનો, શિબિરો, મુલાકાતો તથા ગદ્ય–પદ્યનાં ૧૦૦ જેટલા ગ્રંથોના માધ્યમ દ્વારા લોકસંગ્રહાર્થે કલ્યાણમયી દૃષ્ટિથી પ્રકાશન કર્યું.

પ. પૂ. યોગેશ્વરજીદ્વારા સ્થાપવામાં આવેલા આધ્યાત્મિક સાધનાની નવી જ ક્ષિતિજ ખોલવા માટે યોગ્ય તથા પ્રેરણાનું ભાથુ પૂરું પાડતાં આ વિશિષ્ટ માસિકમાં તેઓશ્રીએ 'ધ્યાન' વિશે રજૂ કરેલા અનુભવસિદ્ધ વિચારોને તેમના જ શબ્દોમાં ક્રમબદ્ધ રીતે રજૂ કરવાની નેમ સાથે પ. પૂ. મા સર્વેશ્વરીજીની પ્રેરણા અને આશીર્વાદથી લેખોની આ શ્રેણીની શરૂઆત થઇ રહી છે.

ધ્યાનનો મહિમા

ધ્યાનની જરૂર શું છે? ધ્યાનની સાધનાનો હેતુ શો છે? ધ્યાન શા માટે?

આખી દુનિયામાં ધારો કે બાહ્ય સુધારનું વિશાળ મોજું ફરી વળે ને આખી દુનિયાની પ્રજા બાહ્ય રીતે જોતાં અદ્યતન સુખ-

સાધનોથી સુસજ્જ થઇને સુધારાની સર્વોચ્ચ સીમાએ જઇ પહોંચે તોપણ તેવા બાહ્ય સુધાર માત્રથી જ શું માનવનું જીવન ધન્ય બની રહેશે, ઉજ્જવળ બનશે, ને સંસારમાં શાંતિનું સુવર્ણપ્રભાત પણ ખીલી ઊઠશે? નહિ જ. જીવન ને જગતને સુખી ને શાંતિ-મય કરવા માટે એવી પરિસ્થિતિ તો એક સાધારણ સાધન માત્ર થશે, ને જીવન તેમ જ જગતને સંપૂર્ણપણે સુખી ને શાંતિમય કરવા બીજા મહત્ત્વના સાધનની જરૂર રહેશે. એ સાધન માનવ-ના મન ને અંતરને ઊંચે લાવવાનું છે, મન ને ઇન્દ્રિયોનો કાબૂ કરવાનું શીખવી, ઉત્તમ ને આદર્શ માનવ બનીને પોતાની અંદર પરમાત્માના પરમ પ્રકાશનું પ્રાકટ્ય કરવાનું છે. એ રીતે માનવ પોતાની પ્રકૃતિ પર નિયંત્રણ કરી શકે છે, પોતાની જાતનો સ્વામી બને છે, ને સમસ્ત સંસાર સાથે સદ્ભાવ, પ્રેમ ને પરમાત્માની અનુભૂતિની મદદથી એકતાનો અનુભવ કરી શકે છે. જીવનનો એવો વિકાસ અત્યંત આવશ્યક છે, એવો સુધાર અત્યંત આવકાર-દાયક, પ્રશંસનીય ને ઉપયોગી છે, તે વિના જીવનની ધન્યતા નથી, શાંતિ નથી, સિદ્ધિ નથી, ને જગતને સ્વર્ગીય કરવાનું મહાપુરુષો-નું સ્વપ્નપણ તે વિના સાકાર થઇ શકે તેમ નથી. અંદરની દુનિયા-ના એવા સુધાર, વિકાસ ને વિજય માટે જ ધ્યાનની સાધના છે.

આ સંસારમાં જે કંઇ છે તે પરમાત્માનું પ્રતિનિધિ જ છે. તેને જોઇને આપણે પરમાત્માના મહિમાની ઝાંખી કરીએ ને ધન્ય થઇએ તે જરૂરી છે. એ ઝાંખી સહજ બને ને પરમાત્માના અખંડ અનુભવમાં આપણે પ્રતિષ્ઠિત થઇએ તે માટે મનની શુદ્ધિની તેમ જ ધ્યાનની સાધના અત્યંત આવશ્યક છે.

પરમાત્માનો પરમ પ્રકાશ માનવની પોતાની અંદર પણ છે. તે પ્રકાશની ઝાંખી કરવા માનવે પોતાની અંદર ડોકિયું કરવું જોઇએ. પોતાની જાતનું મંથન કરવું જોઇએ, ને પોતાની અંદર વધારે ને વધારે ઊંડા ઉતરવું જોઇએ. ધ્યાનની સાધનાનો હેતુ તે જ છે, તે હેતુની પૂર્તિ માટે જ ધ્યાનની સુંદર સાધનાની શોધ થઇ છે.

પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ કરવાની ઇચ્છાવાળા સાધકે તે
સાધનાની સહાય લેવી જોઇએ ને તે સાધનામાં આગળ ને આગળ
વધી આત્માના અનંત ઊંડાણમાં પ્રવેશવું જોઇએ એવો ઋષિનો
ચોક્કસ અભિપ્રાય છે. એવી રીતે અંતરનાં ઊંડાણમાં જે દિન-
પ્રતિદિન ઊંડે ઉતરે છે તે જ આત્મિક જગતના મહામૂલાં મોતી
મેળવી શકે છે, એકેકથી વિલક્ષણ એવા અનેરા અનુભવોની પ્રાપ્તિ
કરી શકે છે, ને શાંતિ પણ તેને જ મળે છે. દિલની દુનિયામાં
ડૂબકી મારવાની દરકાર જે નથી કરતા, તે આત્માના અમૂલખ
અનુભવ ભંડારથી વંચિત રહી જાય છે. જે ઉપર ઉપર રમ્યા કરે
છે, તર્ક, દલીલ કે વાદવિવાદમાં જ કેદ બને છે, ને ઊંડી તથા શાંતિ-
મય સાધનાનો આધાર નથી લેતા, તે આત્માના અમૂલ્ય આનંદ-
નો આસ્વાદ નથી લઇ શકતા. આધ્યાત્મિક ઉન્નતિના રહસ્યોની
પ્રાપ્તિ તેમને નથી થઇ શકતી. જ્ઞાન જરૂરી છે તેની ના નહીં, પરંતુ
ધ્યાનની અવગણના પણ નકામી છે. જ્ઞાનને સફળ ને સાચું કરવા
તેમ જ સ્વાનુભવની મદદથી વધારે ને વધારે પુષ્ટને બળવાન
બનાવવા ધ્યાનના રસને કેળવવાની જરૂર પણ ખૂબ છે. તે સદા
યાદ રાખવાની જરૂર છે. તેથી જ, જે સાધકો જીવનને સાચોસાચ
શાંતિમય ને પ્રકાશમય કરવા ચાહતા હોય ને તેને કેવળ જુદી જુદી
જાતની માહિતીનું સંગ્રહસ્થાન બનાવવાને બદલે અનુભવથી
આલોકિત અને અનેરું કરવાની ઇચ્છા રાખતા હોય તેમણે ધ્યાન-
ની પ્રયોગશાળામાં પ્રેમપૂર્વક પ્રવેશ કરવાની જરૂર છે.

આપણે એને પ્રયોગશાળા કહીએ છીએ કેમ કે તેની મદદથી
જ અંદર ને બહાર વ્યાપેલી પરમાત્માની પરમ સત્તાનો સાક્ષાત્કાર
સહેલાઈથી કરી શકાય છે. એવા અલૌકિક અનુભવની પાસે પહોં-
ચાડવાની શક્તિ ધ્યાનમાં જ છે. એટલે જ ઉપનિષદના અનુભવી
મહાન ઋષિ ધ્યાનની સાધનાની ભલામણ કરે છે.

(ઉપનિષદ્નું અમૃત—શ્વેતાશ્વતર ઉપનિષદ—
પાના નં. ૩૬૩ અને ૩૬૯ નું સંકલિત)

રામકથા

(ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

જાણે કે એના જીવનમાં એક એ જ મનોરથ બાકી હોય, અને એની પૂર્તિ માટે જ એનો પ્રાણ ટકી રહ્યો હોય, તેમ એ પછી એણે પોતાના મનને વિષયો તથા બાહ્ય રસોમાંથી પાછું વાળીને પરમાત્મામાં પરોવી દીધું.

એ અત્યંત સાદું, સંયમી, તપઃપૂત જીવન જીવવા માંડી.

એવી રીતે એના જીવનમાં એક સુંદર પરિવર્તન શરૂ થયું.

રાજ્યાભિષેક પછી રામે સુગ્રીવ, હનુમાન, અંગદ, વિભીષણ તથા બીજા વાનરયોદ્ધાઓને કહ્યું : 'આ બધું તમારા પ્રેમનું જ પરિણામ છે, તમારા સ્નેહ, સહકાર અને સામર્થ્યથી હું દુસ્તર સમુદ્ર પર સેતુ કરી શક્યો, રાવણ, કુંભકર્ણ ને ઇન્દ્રજીત જેવા મહાવીરોને જંગમાં જીતી શક્યો, અને સીતાને પાછી મેળવીને અયોધ્યામાં આવી શક્યો. તમારો ગુણ અથવા ઉપકાર કદાપિ નહિ ભૂલું—નહિ ભૂલી શકું.'

હનુમાને કહ્યું : 'અમે તો કશું જ નથી કર્યું. જે કાંઇ કર્યું છે તે પણ તમારી કૃપાથી જ કર્યું છે. અમારા વિના પણ તમે બધું કરી શકો તેમ હતા, છતાં અમને આગળ કરીને તમે તમારી સેવા કરવાનો અવસર આપ્યો તે યશ પૂરો પાડયો એટલું જ.'

'ઉપકાર અમારો નથી પણ તમારો છે.' વિભીષણ બોલી ઊઠયો : 'તમારા ઉપકારના ભાર નીચે અમે જ દબાયેલા છીએ.'

એટલું જ નહિ પરંતુ જન્મોજન્મ સુધી દબાયેલા રહીશું.' સુગ્રીવે કહ્યું : 'તમારી સાથે રહેવાનો, તમારી સુમધુર વાણી સાંભળવાનો, તમારી સેવા કરવાનો તથા તમારા આદેશાનુસાર ચાલવાનો લહાવો ખરેખર અજબ અને ધન્ય હતો. તમારી છત્ર-છાયામાં, તમારાં ચરણોમાં, રહેવા મળ્યું છે તે બધા જ ભાગ્ય-શાળી છે, ધન્ય છે, કે કૃતાર્થ છે.'

એમની અનિચ્છા છતાં રામે એમને જુદી જુદી ભેટો આપીને કૃતાર્થ કર્યાં.

હનુમાનને તો ભૂલી શકાય જ કેવી રીતે?

સીતા પણ શી રીતે ભૂલી શકે?

અશોકવાટિકામાં થયેલા એમના પ્રથમ મેળાપને યાદ કરીને એ બોલી :

'હનુમાને મને સૌથી પહેલાં મળીને રામના સમાચાર પહોં-ચાડયા ને જીવન આપ્યું. એ હકીકત મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. મારી કૃતજ્ઞતાને કયા શબ્દોમાં કહી બતાવું? એમનું વિશેષ સન્માન કરવા એમને આ મોતીની માળા અર્પણ કરું છું.'

એમ કહીને સીતાએ પોતાના કંઠ પરથી મોતીની મનહર માળા કાઢી.

સભાજનો એને જોઇને આનંદ પામ્યા. પરંતુ હનુમાનના મુખ પર ઉલ્લાસ ન દેખાયો. એમણે કહ્યું : 'મોતીની માળાને લઇને શું કરું?'

'તો પછી માળા કરતાં અધિક મૂલ્યવાન વસ્તુની ઇચ્છા છે? એ આપું?'

'હા.'

'કયી મૂલ્યવાન વસ્તુ?'

'તમારી તથા રામની શુભાષા અને કૃપા. એનાથી વધારે મૂલ્યવાન વસ્તુ મારે મન સમસ્ત સંસારમાં બીજી કોઇ જ નથી. ન એકે નહિ. તમે મારા પર પ્રસન્ન હો તો મને એ જ આપો : તમારો સાચા અંતરનો આશીર્વાદ કે તમારાં ચરણોમાં મારો એકનિષ્ઠ પ્રેમ રહે, તમારી સેવામાં જ મારું મન સુખ તથા શાંતિ લહે, અને મારા હૃદયમાં તમારી અને રામની જ મૂર્તિ રહે. સંસારના પદાર્થો ને વિષયો પરિવર્તનશીલ છે. એમને પામીને કોઇ સાચા સનાતન સુખની પ્રાપ્તિ નથી કરી શકતું. એટલે જ્ઞાની પુરુષો એમની પ્રીતિ ને મમતા કરવાની ના પાડે છે. માળાનો સ્વીકાર એટલા માટે જ નથી કરતો. મારે તમારા ને રામના વિના બીજું કાંઇયે નથી જોઇતું. મારા હૃદયને કેવી રીતે ખોલી બતાવું? પરંતુ ખાતરીપૂર્વક કહું છું કે, એમાં તમારા તથા રામવિના બીજું કશું જ નથી ને બીજું કશુંય નહિ રહી શકે. મને એ જ ઉપહાર આપી દો.'

સીતા તથા રામે વારંવાર સમજાવી જોયા તોપણ હનુમાન ન માન્યા. એમણે મોતીની માળા ન લીધી.

'મેં જે સેવા કરી છે તે મોતીની કે બીજી માળાઓ અથવા હીરા, માણેક, મોતી, જવાહર કે પદપ્રતિષ્ઠા માટે નથી કરી. મારી સેવા તો કેવળ કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઇને આત્મસંતોષ માટે જ થયેલી છે. એટલે હું કોઇયે જાતના સ્થૂલ પદાર્થની કામના નથી કરતો. કેવળ તમારા બંનેની કૃપાની જ કામના કરું છું.

હનુમાનના દૃઢ ઉત્તમ મનોભાવને જાણી લઇને સીતાનું

અંતર આનંદી ઊઠયું. એણે ઉદ્ગાર કાઢયા : 'હનુમાન! તમારી નિઃસ્પૃહતા, નિષ્ઠા ને ભક્તિભાવના જોઇને મને તમારે માટે પૂજ્યભાવ પેદા થાય છે. મારો તમને આશીર્વાદ છે કે સંસારમાં જ્યાંસુધી રામનું નામ અને રામની કથા રહેશે ત્યાંસુધી તમે પણ મૃત્યુંજય બનીને અમર રહેશો, તેમ જ અનેકનું કલ્યાણ કરતાં સફળ મનોરથ થઇને આશીર્વાદરૂપ અને યશસ્વી બનશો.'

'પરંતુ તમારા પ્રેમ અથવા અનુગ્રહવિના, તમારી ભક્તિ તથા સંનિધિવિના ગમે તેટલું યશસ્વી ને અમર જીવન હોય તોપણ તે શું કામનું? તે જીવન કેવી રીતે સંતોષ આપી શકે?'

'તમારી વાત સાચી છે.' રામે કહ્યું : 'અને એટલા માટે જ મારો આશીર્વાદ છે કે સીતા સાથે હું સદા તમારી પાસે જ રહીશ. મારી સંનિધિનો અનુભવ તમે હમેશાં કર્યા કરશો. તમારું હૃદય મારે માટેની ભક્તિથી નિરંતર ભરેલું રહેશે, ને મારી પરમ કલ્યાણકારી કૃપાનો અનુભવ તમને કાયમ માટે થયા કરશે.'

હનુમાન ગદ્ગદ્ બનીને બોલી ઊઠયા : 'હવે મને સાચી મિલકત મળી ગઇ, અક્ષય અથવા અમુલખ ઉપહાર કે પુરસ્કારની પ્રાપ્તિ થઇ. હું તમારા પ્રેમનો તથા તમારી કૃપાનો જ ભૂખ્યો છું. મારી એને માટેની ભૂખ કદાપિ નહિ મટે, ને ઇચ્છું છું, પ્રાર્થું છું, કે ના મટે.'

હનુમાનના મસ્તક પર રામે પોતાના હેતાળ હાથ મૂક્યા.

હનુમાનને જાણે કે મોટામાં મોટી મિલકત મળી.

એમની આંખ ટપકવા માંડી.

મંદોદરી એ અદ્ભુત દૃશ્ય જોઇને ગદ્ગદ્ બની ગઇ.

(ક્રમશઃ)

* કર્મનો નિયમ *

જુદા-જુદા માનવોના જીવનમાં જે કાંઇ સારું અથવા ખરાબ બને છે તેની પાછળ કર્મનો ચોક્કસ નિયમ કામ કરતો હોય છે. કશું જ કોઇ પણ પ્રકારના કારણ વગર એમને એમ થતું નથી. કર્મોના એ રહસ્યને જાણવાનું કાર્ય અતિશય અઘરું છે. આપણે તો કેવળ અનુમાન જ કરી શકીએ. સામાન્ય અને અસામાન્ય બંને પ્રકારના માનવોને પ્રતિકૂળતાનો, કષ્ટોનો તથા રોગોનો સામનો કરવો પડે છે, એ વાત સાચી હોવા છતાં પણ બંને પ્રકારના માનવોના મનપર એમની અસરો જુદી જુદી રીતે થતી હોય છે. સામાન્ય માનવો પ્રતિકૂળ પરિસ્થિતિથી ડરી, ડગી કે ગભરાઇ જાય છે પરંતુ મહાપુરુષો પોતાના મન પર કાબૂ કરી શક્યા હોવાથી, પરમાત્મામાં અચળ વિશ્વાસ રાખતા હોવાથી ગમે તેવી, ગમે તેટલી પ્રતિકૂળતાઓ, આપત્તિઓ અને નિષ્ફળતાઓ આવે તોપણ ડરતા નથી. જે જન્મે છે તે શરીરના કેટલાક સારાનરસા ઋણાનુબંધોને લઇને જન્મે છે. માટે માનવ સુખ તથા દુઃખનો ઉપભોગ કરતો હોય છે. એ ઉપભોગમાંથી છૂટી શકતો નથી. ઉપભોગની અસરોમાંથી છૂટવા માટે સૌ કોઇ સ્વતંત્ર હોય છે. ઈશ્વરકૃપાથી, નામજપ તથા બીજી એવી જ ધાર્મિક ક્રિયાઓથી પ્રતિકૂળતા, કષ્ટ, વ્યાધિમાંથી છૂટી શકાય છે. મંત્રજપ, ધાર્મિક ક્રિયાઓથી માનવ આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્તિ મેળવે છે. પ્રારબ્ધ ખૂબ જ બળવાન હોય તોપણ પ્રતિકૂળતા તથા સંકટોને શાંતિથી સહન કરવાની શક્તિ સાંપડે છે. પ્રતિકૂળતા કે કષ્ટનો પ્રતિકાર આવી રીતે કરવો જોઇએ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

* સાધનાની પ્રગતિના માપદંડ *

આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં થનારી પ્રગતિ બે રીતે જાણી શકાય. એક રીત બહારની હોય છે ને બીજી અંદરની. એક પ્રકારની રીતમાં સાધકના બાહ્યજીવનમાં પ્રતિઘોષ પડતો હોય છે અને બીજી રીતમાં આંતરજીવનમાં અથવા મનમાં પ્રતિઘોષ પડે છે. આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં સાધક જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ એના ભાવો, વિચારો તથા સંકલ્પો નિર્મળ બને છે, ઉદાત્ત થાય છે, અને એના જીવનવ્યવહારમાં દૈવીસંપત્તિનું દર્શન થવા લાગે છે. દૈવીસંપત્તિ સિવાયની સાધના સંપૂર્ણ નથી પરંતુ અધૂરી છે એ સમજી લેવું જોઈએ. દૈવીસંપત્તિ સિવાયની સાધના આશ્ચર્યચકિત કરી શકે ખરી પરંતુ પ્રશંસાપાત્ર બની શકે નહીં. સાધનાના ક્ષેત્રમાં સાધક જેમ જેમ આગળ વધે છે તેમ તેમ અંતરંગ શાંતિ, સ્થિરતા, પ્રસન્નતા, આનંદને અનુભવે છે. એનું મન નામ—જપ તથા ધ્યાનમાં અનાયાસે એકાગ્ર બને છે. પરમાત્મા પ્રત્યે પ્રેમ વધારે પ્રબળ બને છે અને આધ્યાત્મિક અનુભવોની પ્રાપ્તિ પણ થાય છે. આધ્યાત્મિક પ્રગતિ થવાની સાથે જુદી જુદી શક્તિઓ કે સિદ્ધિઓ સાંપડે છે. સિદ્ધિઓ સાંપડે છતાં પણ સાધકે પરમાત્માના સાક્ષાત્કારની દિશામાં આગળ વધવાનું છે. દૈવીસંપત્તિથી સંપન્ન થયેલો સાધક પોતાના માટે તો જીવતો હોય છે એની સાથે સાથે એ બીજાને માટે પણ શ્વાસ લે છે ને બીજાને ઉપયોગી થવાનું તથા સુખશાંતિ પહોંચાડવાનું ધ્યાન રાખે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.